**E**

001. મહી નદી બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. મહી નદીનો તટ ઉત્તર અને ઉત્તર પશ્ચિમમાં અરવલ્લીના ડુંગરો દ્વારા સીમીત થયેલો છે.
2. ઉકાઈ ડેમ મહી નદી પર સ્થિત છે.
3. તેના દક્ષિણમાં વિંધ્યાચળ અને પશ્ચિમમાં ખંભાતનો અખાત છે.
4. મહી નદીએ મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને ગુજરાત રાજ્યોમાંથી પસાર થાય છે.

(A) 1, 2, 3 અને 4 (B) માત્ર 2, 3 અને 4 (C) માત્ર 1 અને 3 (D) માત્ર 1, 3 અને 4

002. નીચેના જોડકાં જોડો.

| ખનીજો | ઉત્ખનના સ્થળો |
|---|---|
| a. બ્રાઉન ગોલ્ડ | 1. માંડવી, સુરત |
| b. મેંગેનીઝ | 2. પંચમહાલ |
| c. ફ્લોરસ્પાર | 3. કવાંટ, છોટાઉદેપુર |
| d. બોક્સાઈટ | 4. દેવભૂમિ દ્વારકા |

(A) a - 1, b - 2, c - 3, d - 4 (B) a - 2, b - 3, c - 1, d - 4
(C) a - 3, b - 4, c - 1, d - 2 (D) a - 4, b - 1, c - 2, d - 3

003. ગુજરાતમાં કૃષિક્ષેત્ર સંબંધી નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. ગુજરાતમાં કુલ 8 કૃષિ આબોહવા ક્ષેત્રો છે.
2. ઉત્તર ગુજરાતના કૃષિ આબોહવા ક્ષેત્ર રેતાળ લોમ માટીથી રેતાળ જમીન ધરાવે છે.
3. દક્ષિણ ગુજરાતના કૃષિ આબોહવા ક્ષેત્ર રેતાળ અને ખારી જમીન ધરાવે છે.
4. બે કૃષિ આબોહવા ક્ષેત્રો એ દક્ષિણ ગુજરાત ક્ષેત્ર (ભારે વરસાદ ક્ષેત્ર) અને દક્ષિણ ગુજરાત ક્ષેત્ર છે.

(A) 1, 2, 3 અને 4 (B) માત્ર 1, 2 અને 4 (C) માત્ર 1, 3 અને 4 (D) માત્ર 2, 3 અને 4

004. નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચાં છે ?

1. ભારતના ઉત્તર પૂર્વીય રાજ્યોમાં ઉષ્ણ કટિબંધીય સવાના પ્રકારની આબોહવા જોવા મળે છે.
2. રાજસ્થાનના મધ્ય ભાગમાં અર્ધ શુષ્ક મેદાની (Semi arid steppe) આબોહવા જોવા મળે છે.
3. જમ્મુ અને કાશ્મીરમાં ઠંડા ભેજવાળા શિયાળા પ્રકારની આબોહવા જોવા મળે છે.

(A) માત્ર 1 અને 3 (B) માત્ર 2 (C) 1, 2 અને 3 (D) માત્ર 2 અને 3

005. નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. હિમાલયની નદીઓ તેઓનો માર્ગ બદલી શકે છે જ્યારે દ્વિપકલ્પની નદીઓ માટે તેઓનો માર્ગ બદલવાનો અવકાશ ખૂબ ઓછો હોય છે.
2. હિમાલયની નદીઓએ અનુપ્રસ્થ (antecedent) જળપરિવહ (drainages)નું ઉદાહરણ છે.
3. દ્વિપકલ્પની નદીઓ એ અનુવર્તી (consequent) જળપરિવહ (drainages)નું ઉદાહરણ છે.

(A) 1, 2 અને 3 (B) માત્ર 2 અને 3 (C) માત્ર 1 અને 3 (D) માત્ર 1 અને 2

006. નીચેના પૈકી કઈ જોડીઓ યોગ્ય રીતે જોડાયેલી છે ?

1. કાર્ડામમ ટેકરીઓ – કોરોમાંડલ સાગરતટ
2. કૈમૂર ટેકરીઓ – કોંકણ સાગરતટ
3. મહાદેવ ટેકરીઓ – મધ્ય ભારત
4. મીકીર ટેકરીઓ – ઉત્તર પૂર્વ ભારત

(A) માત્ર 1 અને 2 (B) માત્ર 2 અને 3 (C) માત્ર 3 અને 4 (D) માત્ર 2 અને 4



Scanned by CamScanner

007. વિશ્વમાં માછીમારી માટેના સૌથી મહત્ત્વના સ્થળો ત્યાં જોવા મળે કે જે ક્ષેત્રોમાં .......... હોય.
(A) ગરમ અને ઠંડા વાતાવરણીય પ્રવાહો મળતા હોય.
(B) નદીઓ બહોળા પ્રમાણમાં તાજું પાણી દરિયામાં ઠાલવતી હોય.
(C) સમુદ્રના ગરમ અને ઠંડા પ્રવાહો મળતા હોય.
(D) ખંડીય છાજલી એ ઉંચીનીચી (undulating) હોય.

008. નીચેના પૈકી કયું જ્વાળામુખીમાંથી ઉદ્ભવેલું છે ?
1. આંદામાન અને નિકોબાર દ્વિપસમૂહો
2. લક્ષદ્વીપ
3. દખ્ખણનો (Deccan) Trap
4. અરવલ્લી પર્વતમાળાઓ (Ranges)
(A) માત્ર 1, 2 અને 3 (B) માત્ર 2 અને 4 (C) માત્ર 1 અને 3 (D) 1, 2, 3 અને 4

009. ટૂંકાગાળાની હવામાનની આગાહી માટે નીચેના પૈકીની કઈ ઘટનાએ ભારતીય ઉપખંડ માટે નબળા વરસાદ સાથે સંકળાયેલી છે ?
(A) લા નીના (La Nina)
(B) જેટ સ્ટ્રીમની (પ્રવાહની) ગતિ
(C) અલ નીનો (El Nino)
(D) વૈશ્વિક તાપ વૃધ્ધિ (ગ્લોબલ વોર્મીંગ)

010. કોમ્પ્યુટરની ઓપરેટીંગ સીસ્ટમ અને કોમ્પ્યુટર સાથે જોડાયેલ બાહ્ય ઉપકરણ વચ્ચે સંવાદ પ્રસ્થાપિત કરનાર સોફ્ટવેરને .......... તરીકે ઓળખવામાં આવે છે.
1. ડીવાઈસ ડ્રાઈવર 2. ઓ.એસ. ડ્રાઈવર 3. હાર્ડવેર ડ્રાઈવર
(A) માત્ર 1 (B) માત્ર 1 અને 2 (C) માત્ર 2 અને 3 (D) 1, 2 અને 3

011. નીચેના પૈકી પૃથ્વી પરનું કયું પ્રાકૃતિક તત્ત્વ એ સમગ્રતઃ રીતે સૌથી વધુ પ્રતિશતમાં જોવા મળે છે ?
(A) નિકલ (B) મેગ્નેશિયમ (C) લોખંડ (D) એલ્યુમિનિયમ

012. નીચેના જોડકાં જોડો.

| ખડકો | રાજ્ય |
|---|---|
| a. આરસ (Marble) | 1. હિમાચલ પ્રદેશ |
| b. સીંધાલુણ (Rock Salt) | 2. રાજસ્થાન |
| c. લાવાનો બનેલો ભૂરો લીલો પથ્થર (Basalt) | 3. કર્ણાટક |
| d. ચૂનાનો પથ્થર (Limestone) | 4. મહારાષ્ટ્ર |

(A) a - 3, b - 2, c - 1, d - 4
(B) a - 2, b - 1, c - 4, d - 3
(C) a - 4, b - 2, c - 3, d - 1
(D) a - 2, b - 4, c - 3, d - 1

013. પ્રેર-રી (Prairie) ક્ષેત્ર એ .......... માટે પ્રખ્યાત છે.
(A) બાગાયત
(B) ડેરી ઉદ્યોગ
(C) વાણિજ્યિક અનાજની ખેતી
(D) કૃષિ વનીકરણ (Agro Forestry)

014. ભારતના કૃષિ આર્થિક ક્ષેત્રો .......... દ્વારા નિશ્ચિત કરવામાં આવ્યાં છે.
(A) કૃષિ મંત્રાલય, ભારત
(B) CSIR
(C) ICAR
(D) માટી અને જમીન વપરાશ સર્વેક્ષણ સંસ્થા

015. નીચેના પૈકી કયા રાજ્યમાં 2011 ની વસ્તી ગણતરી પ્રમાણે વસ્તીમાં ઘટાડો નોંધાયેલ છે ?
(A) અરૂણાચલ પ્રદેશ (B) કેરળ (C) નાગાલેન્ડ (D) ત્રિપુરા



Scanned by CamScanner

016. નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?
1. ભારતનો ભવ્ય ભાષાકીય સાંસ્કૃતિક વારસો એ ચાર ભાષાકીય પરિવારના જૂથમાં વહેંચી શકાય.
2. તે ઓસ્ટરીક, દ્રવિડીયન, સીનો-તિબેટીયન અને ઈન્ડો-આર્યન છે.
3. દક્ષિણ ભારતની ભાષાઓએ દ્રવિડીય પરિવારની ભાષા છે.
4. ઓસ્ટરીક પરિવારની ભાષાઓમાં કાશ્મીરી, સિંધી અને ગુજરાતી ભાષાનો સમાવેશ થાય છે.

(A) 1, 2, 3 અને 4 (B) માત્ર 2, 3 અને 4 (C) માત્ર 1, 2 અને 3 (D) માત્ર 1 અને 4

017. આફ્રિકા અંધારીયા ખંડ તરીકે ઓળખાય છે, કારણ કે -
1. તેના અંતર્વર્તી પ્રદેશે તેના સંશોધન માટે અવરોધો મૂક્યા છે.
2. ઉત્તરમાં સહારાનું રણ એ અંતર્વર્તી પ્રદેશો સુધી પહોંચવામાં પ્રચંડ અવરોધ છે.
3. દરિયાકિનારા સુધી વિસ્તરેલા ઉચ્ચ પ્રદેશના કિનારાઓ અંદરના પ્રદેશોમાં જવામાં વિક્ષેપરૂપ છે.

(A) માત્ર 1 અને 2 (B) 1, 2 અને 3 (C) માત્ર 2 અને 3 (D) માત્ર 1 અને 3

018. નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?
1. એપીફાઈટ્સ એ એવા છોડ છે કે જે તેમનું પાણી અને પોષકતત્ત્વો હવામાંથી મેળવે છે.
2. હાઈડ્રોફાઈટ્સ એ ફૂલોના છોડ છે કે જે પાણીમાં ડૂબી રહીને જીવવાનું અનુકૂલન ધરાવે છે.
3. ઝેરોફાઈટ્સ એ એવા છોડ છે કે જે ઋતુકીય અથવા બારમાસી દુષ્કાળમાં અનુકૂલન ધરાવે છે

(A) 1, 2 અને 3 (B) માત્ર 1 અને 3 (C) માત્ર 2 અને 3 (D) માત્ર 1 અને 2

019. નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો શંકુદ્રુમ જંગલો માટે સાચું / સાચાં છે ?
1. શંકુદ્રુમ જંગલો ઉત્તર અમેરિકા અને યુરેશિયાના જમીન પ્રદેશોનો વિશાળ ભાગ આવરી લે છે.
2. શંકુદ્રુમ જંગલો ઊંચા, સીધા, બારમાસી લીલા વૃક્ષો ધરાવે છે.
3. આ જંગલોના વૃક્ષો પાનખરમાં તેમના પર્ણો ખેરવે છે.

(A) માત્ર 2 (B) 1, 2 અને 3 (C) માત્ર 1 અને 2 (D) માત્ર 3

020. ગુજરાતની ભૂગોળ વિશે નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સાચું / સાચાં નથી ?
1. ગુજરાત ઉત્તર પશ્ચિમ વિભાગમાં પાકિસ્તાન સાથે સરહદ ધરાવે છે.
2. રાજસ્થાન એ તેના ઉત્તર તેમજ ઉત્તરપૂર્વમાં છે અને મહારાષ્ટ્ર દક્ષિણ પૂર્વમાં છે.
3. રણનો ઉત્તર ભાગ એ મોટું રણ અને તેનો પૂર્વ ભાગ એ નાના રણ તરીકે જાણીતો છે.
4. પશ્ચિમમાં મધ્ય પ્રદેશ છે.

(A) માત્ર 1 (B) માત્ર 2 અને 3 (C) માત્ર 3 અને 4 (D) માત્ર 4

021. નીચેના પૈકી વિધાન / વિધાનો એ **Mission Organic Value Chain Development for North Eastern Region (MOVCDNER)** બાબતે સાચું છે ?
1. તે **National Mission for Sustainable Agriculture (NMSA)** હેઠળનું પેટા મીશન છે.
2. જરૂરી માળખાગત તકનીકી અને નાણાંકીય મદદ સાથે પાક વિશિષ્ટ ઓર્ગેનીક ઉત્પાદન ક્લસ્ટર (**Crop Specific organic production clusters**) વિકસિત કરવું.
3. આ યોજના એ અરૂણાચલ પ્રદેશ, આસામ, મણિપુર, મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ, સિક્કિમ અને ત્રિપુરામાં અમલમાં મૂકવામાં આવી છે.

(A) માત્ર 1 અને 3 (B) માત્ર 2 અને 3 (C) માત્ર 1 અને 2 (D) 1, 2 અને 3

022. ટોકીયો (જાપાન)થી રવિવારે સવારે 8 વાગ્યે સાનફ્રાન્સીસ્કો (USA) ની સફરે જતું વહાણ જો આઠ કલાકનો સમય લે, તો તે ત્યાં કયા દિવસે પહોંચશે ?

(A) રવિવારે (B) શનિવારે (C) સોમવારે (D) રવિવારે મધ્યરાત્રિએ



Scanned by CamScanner

E

023. નીચેના પૈકી કયો હવાના દબાણનો પટ્ટો એ 'Horse Latitude' (ઘોડા અક્ષાંશ) કહેવાય છે ?

(A) વિષુવવૃત્તીય લઘુ દબાણ પટ્ટો
(B) ઉષ્ણ કટીબંધીય ઉચ્ચ દબાણ પટ્ટો
(C) પેટા ધ્રુવીય (Sub polar) નીચા દબાણનો પટ્ટો
(D) ઉપરના પૈકી એકપણ નહીં

024. પરવાળાના ખરાબા (Coral reefs) વિશે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. પરવાળાના અવશેષો (Corallite) એ પરવાળાનું નિવાસસ્થાન છે.
2. પરવાળા એ સજીવ જીવતંત્ર છે.
3. ખરાબાઓ એ કેલ્શીયમ કાર્બોનેટનું વણબંધાયેલું (uncemented) અને નરમ માળખું છે.
4. ખરાબાઓ એ કેલ્શીયમ કાર્બોનેટનું બંધાયેલું (cemented) અને સખત માળખું છે.

(A) 1, 2, 3 અને 4
(B) માત્ર 2 અને 3
(C) માત્ર 2 અને 4
(D) માત્ર 1, 2 અને 4

025. ભારતમાં ભૂસ્ખલન નબળાઈ ઝોન (સંવેદનશીલ ઝોન) વિશે નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સાચું / સાચાં છે ?

1. પશ્ચિમ ઘાટ અને નીલગીરીના ઊભા અને વરસાદી ઢાળ ઘણા ઉચ્ચ ભૂસ્ખલન સંવેદનશીલ ઝોનમાં આવે છે.
2. આસામના મેદાનોને બાદ કરતાં પૂર્વ-ઉત્તર ક્ષેત્રના રાજ્યો એ મધ્યમથી નીચા ભૂસ્ખલન સંવેદનશીલ ઝોનમાં આવે છે.
3. દક્ષિણના રાજ્યોના દરિયાકાંઠાના ક્ષેત્રો એ ઉચ્ચ ભૂસ્ખલન સંવેદનશીલ ઝોનમાં આવે છે.

(A) માત્ર 1
(B) માત્ર 1 અને 3
(C) 1, 2 અને 3
(D) માત્ર 2 અને 3

026. આર્થિક સર્વેક્ષણ 2018-19 સંદર્ભે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. વાર્ષિક વસ્તીનો વૃધ્ધિ દર 2011-21 માં 1.1% થી વધી 2031-41 માં 1.5% થવાની સંભાવના છે.
2. સેવા ક્ષેત્રએ (બાંધકામ ક્ષેત્ર સિવાય) ભારતના કુલ મૂલ્યવર્ધનમાં (GVA) 54.3% જેટલો ફાળો આપ્યો.
3. સેવા ક્ષેત્રનો રોજગારીમાં ફાળો 34% છે.
4. ભારત વિશ્વની 18% વસ્તી ધરાવતો દેશ છે, પરંતુ તે વિશ્વના પ્રાથમિક ઊર્જાનો માત્ર 6% ઉપયોગ કરે છે.

(A) માત્ર 1, 2 અને 3
(B) માત્ર 1, 3 અને 4
(C) માત્ર 2, 3 અને 4
(D) 1, 2, 3 અને 4

027. પરોઢ અને સંધિકાળનો સમયગાળો .......... ખાતે સૌથુ વધુ હોય છે.

(A) વિષુવવૃત્ત
(B) આર્કટીક / એન્ટાર્કટીક વૃત્ત
(C) ઉષ્ણ કટિબંધીય પ્રદેશો
(D) ધ્રુવો

028. નીચેના પૈકી કયું જળ ક્ષેત્ર એ સૌથી વધુ ક્ષારતા ધરાવે છે ?

(A) મૃત સમુદ્ર (Dead Sea)
(B) મોનો લેક (Mono Lake)
(C) ગ્રેટ સોલ્ટ લેક (Great Salt Lake)
(D) રાતો સમુદ્ર (Red Sea)

029. નીચેના પૈકી કઈ જોડીઓ સાચી રીતે જોડાયેલી છે ?

1. રૉટર્ડમ સંમેલન – જોખમી રસાયણો અને જંતુનાશકોના વ્યાપારની પૂર્વ સંમતિ
2. બેસલ સંમેલન – જોખમી કચરાના આંતરસીમા હિલચાલ ઉપર નિયંત્રણ
3. મિનામાટા સંમેલન – માનવ તંદુરસ્તી પર સીસાની વિપરીત અસરો પર નિયંત્રણ
4. સ્ટોકહોમ સંમેલન – નિરંતર કાર્બનિક પ્રદૂષકોના ઉત્પાદન અને ઉપયોગ પર નિયંત્રણ

(A) માત્ર 1 અને 3
(B) 1, 2, 3 અને 4
(C) માત્ર 1, 2 અને 4
(D) માત્ર 2, 3 અને 4

030. નીચેના પૈકી કઈ નદી ડાંગમાં વહેતી નથી ?

(A) પૂર્ણા
(B) અંબિકા
(C) ગીરા
(D) પાર



Scanned by CamScanner

031. ગુજરાત રાજ્યના 2018-19 ના બજેટ સંદર્ભે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?
1. ગુજરાતે તેના ખર્ચના 14.4% શિક્ષણ માટે ફાળવ્યા છે.
2. ગુજરાતે તેના ખર્ચના 5.8% આરોગ્ય માટે ફાળવ્યા છે.
3. રાજ્યએ તેના કુલ બજેટના 4.5% કૃષિ ક્ષેત્ર માટે ફાળવ્યા છે.
(A) માત્ર 1 અને 2 (B) માત્ર 2 અને 3 (C) માત્ર 1 અને 3 (D) 1, 2 અને 3

032. નીચેના પૈકી કયા ઔદ્યોગિક/આર્થિક કોરીડોર પ્રોજેક્ટ માટે ભારત સરકાર દ્વારા સંપૂર્ણપણે ભંડોળ પૂરું પાડવામાં આવેલ છે ?
(A) દિલ્હી - મુંબઈ
(B) અમૃતસર - કોલકતા
(C) વિઝાગ (Vizag) - ચેન્નાઈ
(D) બેંગાલૂરૂ - મુંબઈ

033. નીચેના પૈકી સ્થળો અને ઉત્પાદન અંગેની કઈ જોડીઓ સાચી રીતે જોડાયેલી છે ?
1. કુર્ગ - કોફીનું વાવેતર
2. પુલવામા - કેસરનું વાવેતર
3. ચીકમંગલુર - ચાનું વાવેતર
4. ગોદાવરી - કોકોનું વાવેતર
(A) માત્ર 1 અને 3 (B) માત્ર 2 અને 4 (C) માત્ર 1, 2 અને 4 (D) 1, 2, 3 અને 4

034. મહાસાગરોના ક્ષારતાની સૂચક પધ્ધતિ કઈ છે ?
(A) દર શતકના ભાગ (Parts per hundred (%))
(B) દર ગ્રામના ભાગ (Parts per gram (g))
(C) દર ઘન મીટરના ભાગ (Parts per cubic meter ($m^3$))
(D) દર હજારના ભાગ (Parts per thousand (‰))

035. ભારતમાં વાઘની વસ્તી ગણતરી કોણ કરે છે ?
(A) પર્યાવરણ, વન અને હવામાન પરિવર્તન મંત્રાલય
(B) રાષ્ટ્રીય વાઘ સંરક્ષણ સત્તાધિકાર
(C) રાજ્ય સરકારો
(D) વર્લ્ડવાઈડ ફંડ ફોર નેચર-ઈન્ડીયા (Worldwide Fund for Nature - India)

036. વિશ્વનો સૌથી લાંબો બહુ સ્તરીય, બહુ હેતુક (પંપ) સિંચાઈ (lift irrigation) પ્રોજેક્ટ ‘કાલેશ્વરમ’ .......... નદીઓના સંગમ બિંદુએથી શરૂ થાય છે.
(A) ગોદાવરી અને પ્રણાહિતા
(B) ગોદાવરી અને વર્ધા
(C) ગોદાવરી અને પેનગંગા
(D) ગોદાવરી અને વૈનગંગા

037. બ્લેક હોલ વિશે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?
1. બ્લેક હોલ સ્પેસટાઈમનો એવો વિસ્તાર છે કે જ્યાં ગુરૂત્વાકર્ષણ બળ એટલું મજબૂત છે કે તેમાંથી કોઈ કણ કે વિદ્યુત ચુંબકીય તરંગો પણ છટકી શકતાં નથી.
2. બ્લેક હોલની પ્રથમ તસવીર Event Horizon Telescope દ્વારા લેવામાં આવી.
3. બ્લેક હોલ વિશેનો પ્રથમવાર ખ્યાલ આઈઝેક ન્યૂટને રજૂ કર્યો.
(A) માત્ર 1 અને 3 (B) માત્ર 2 અને 3 (C) માત્ર 1 અને 2 (D) 1, 2 અને 3

038. નીચેના પૈકી કઈ વિશ્વની સૌથી લાંબી સતત પર્વતમાળા (longest continuous mountain chain) છે ?
(A) રોકીઝ
(B) એન્ડીઝ
(C) ગ્રેટ ડીવાઈડીંગ રેંજ
(D) હિમાલય

[Contd.

Scanned by CamScanner

**E**

039. વોલેસ રેખા એ .......... છે.

(A) ભારત અને નેપાળ વચ્ચેની આંતરરાષ્ટ્રીય વિભાજન રેખા

(B) તટીય મેદાનોને દક્ષિણના ઉચ્ચપ્રદેશથી જુદી પાડતી રેખા

(C) દક્ષિણ પૂર્વ એશિયા અને ઓસ્ટ્રેલિયાની વિશિષ્ટ વનસ્પતિ અને પ્રાણી સૃષ્ટિને અને ઓસ્ટ્રેલિયાને જુદી પાડતી રેખા.

(D) એટલાંટિક અને પેસિફીક મહાસાગરોને જુદી પાડતી રેખા

040. નીચેના પૈકી મહાસાગરનો કયો પ્રવાહ એ હિંદ મહાસાગર સાથે સંબંધિત છે ?

(A) એલ્યુશિયન પ્રવાહ
(B) કેનરીઝ પ્રવાહ
(C) અગુલ્હાસ પ્રવાહ
(D) બેન્ગ્યુલા પ્રવાહ

041. પોર્ટબ્લેરની રાજધાની એ આંદામાન અને નિકોબારના કયા દ્વિપમાં આવેલી છે ?

(A) ઉત્તર આંદામાન
(B) મધ્ય આંદામાન
(C) દક્ષિણ આંદામાન
(D) લઘુ આંદામાન (Little Andaman)

042. યાદી-I ને યાદી-II સાથે જોડો.

| યાદી-I | યાદી-II |
|---|---|
| a. બ્લડ રેન (Blood Rain) | 1. ભારત |
| b. મેઈઝ રેન (Maize Rain) | 2. જાપાન |
| c. મેંગો સાવર (Mango Shower) | 3. ઈટાલી |
| d. પ્લમ્બ રેન (Plum Rain) | 4. આફ્રિકા |

(A) a - 1, b - 2, c - 3, d - 4
(B) a - 3, b - 4, c - 1, d - 2
(C) a - 2, b - 3, c - 4, d - 1
(D) a - 4, b - 3, c - 2, d - 1

043. નીચેના પૈકી કયું વિધાન / કયાં વિધાનો સાચું / સાચાં છે ?

(A) પૃથ્વીના ધરિભ્રમણથી ઉત્પન્ન થતા બળને અક્ષભ્રમણ બળ કહેવાય છે.

(B) વિષુવવૃત્ત પર અક્ષભ્રમણ બળ હોતું નથી, પરંતુ જેમ ધ્રુવ તરફ જઈએ તેમ ક્રમશઃ વધતું જાય છે.

(C) ઉપરના (A) અને (B) બંને સાચાં છે.

(D) (A) અને (B) પૈકી કોઈ નહીં

044. ચિલ્કા સરોવર એ .......... ખાતે સ્થિત છે.

(A) ઉત્તર સીરકાર દરિયાકાંઠે
(B) કોરોમાંડલ દરિયાકાંઠે
(C) મલબાર દરિયાકાંઠે
(D) ઉપરના પૈકી કોઈ નહીં

045. ભેજયુક્ત (આર્દ્ર) ઉષ્ણ કટિબંધીય અને વિષુવવૃત્તીય ક્ષેત્રની જમીન .......... કહેવાય છે.

(A) ચેરનોજેમ જમીન (Chernozem soil)
(B) ચેસ્ટનટ જમીન (Chestnut soil)
(C) હેલોમોરફીક જમીન (Halomorphic soil)
(D) લેટેરાઈટ જમીન (Lateritic soil)

046. નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સાચું / સાચાં છે ?

(A) વિશ્વમાં ભારત સૌથી વધુ થોરિયમ અનામત ધરાવે છે.

(B) થોરિયમ એ મોનાઝાઈટ રેતીમાં બહોળા પ્રમાણમાં ઉપલબ્ધ છે.

(C) (A) અને (B) બંને

(D) (A) અને (B) બંનેમાંથી કોઈ નહીં

Scanned by CamScanner

E

047. મગફળીના વાવેતર બાબતે નીચેના પૈકી કયાં વિધાનો ખોટાં છે ?

1. મગફળી માટે વરસાદની ભૌગોલિક જરૂરીયાત એ શેરડી અને ડાંગર જેવી જ હોય છે.
2. મગફળી માટે વરસાદની ભૌગોલિક જરૂરીયાત એ બાજરો અને કપાસ જેવી જ હોય છે.
3. સૌરાષ્ટ્ર એ ભારતનો મગફળીનો કટોરો (બાઉલ ) છે.
4. મગફળી માટેનું રાષ્ટ્રીય સંશોધન કેન્દ્ર જગુદણ ખાતે આવેલું છે.

(A) માત્ર 1 અને 4
(B) માત્ર 2 અને 4
(C) માત્ર 1, 2 અને 4
(D) માત્ર 2, 3 અને 4

048. વાતાવરણના કુલ વાયુ રચનામાં નીચેના પૈકી કયો વાયુ એ સૌથી ઓછા પ્રતિશત ધરાવે છે ?

(A) હિલીયમ
(B) હાઈડ્રોજન
(C) ઓઝોન
(D) નિયોન

049. વાતાવરણીય જળ બાષ્પ .......... સાથે ઘટતી જાય છે.

(A) અક્ષાંશ
(B) ઊંચાઈ
(C) રાહતના પવન તરફની બાજુ (Windward side of relief)
(D) સમુદ્રથી અંતર

050. નીચેના પૈકી કયું વાતાવરણીય તોફાન એ ઉદ્ભવ, વિકાસ અને લક્ષણોની બાબતમાં તદન ભિન્ન છે ?

(A) ટોર્નેડો (Tornado)
(B) ટાયફૂન (Typhoon)
(C) ગાજવીજ સાથે વાવાઝોડું (Thunderstorm)
(D) હરીકેન (Hurricane)

051. આયુષ્યમાન ભારત - પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (AB-PMJAY) વિશે નીચેના પૈકી કયું વિધાન ખોટું છે ?

(A) સૂચિબદ્ધ ગૌણ (secondary) અને તૃતીય સ્તર (tertiary) ની સંભાળની (care) સ્થિતિમાં PMJAY એ પાત્રતા ધરાવતા કુટુંબોને વર્ષના રૂા. 5,00,000 સુધીનું કેશલેસ રક્ષણ પૂરું પાડે છે.
(B) કુટુંબનું કદ અને સભ્યોની ઉંમર માટે એક મર્યાદા હોય છે.
(C) પહેલા જ દિવસથી તમામ પૂર્વ હયાત (Pre-existing) રોગોનો સમાવેશ કરી લેવામાં આવે છે.
(D) 223 વિશિષ્ટ (Specialities) સારવારનો સમાવેશ કરી લેતા કુલ 1393 ગૌણ (secondary) અને તૃતૂય સ્તરના (tertiary) સારવાર પેકેજ પૂરા પાડવામાં આવે છે.

052. નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. MUDRA એ Micro Units Development and Refinance Agency Limited માટે વપરાય છે.
2. MUDRA ત્રણ યોજનાઓ ધરાવે છે - શિશુ, કિશોર અને તરૂણ.
3. MUDRA યોજના ભારે અને મોટા ઉદ્યોગોને પણ ફંડ આપી શકે.
4. MUDRA લોન એ વ્યાપાર હપ્તા લોન, વાણિજ્યિક વાહન લોન વગેરેનો સમાવેશ કરે છે.

(A) માત્ર 1 અને 2
(B) માત્ર 1, 2 અને 3
(C) માત્ર 1, 2 અને 4
(D) 1, 2, 3 અને 4



Scanned by CamScanner

053. નીચેના વિધાનો ધ્યાને લો.

1. ભારતમાં કૃષઇ પાક વર્ષ જુલાઈથી જૂન હોય છે.
2. ખરીફ પાકની ઋતુ જુલાઈથી ઓક્ટોબર છે.
3. રવિ પાકની ઋતુ ઓક્ટોબરથી માર્ચ છે.
4. જુવાર, બાજરી અને મકાઈ મુખ્ય રવિ પાક છે.

(A) માત્ર 1, 2 અને 4 (B) માત્ર 2, 3 અને 4 (C) માત્ર 1, 2 અને 3 (D) 1, 2, 3 અને 4

054. તાજેતરમાં જાહેર ક્ષેત્રની બેંકોમાં બિન ઉત્પાદક મિલકત (Non Performing Assets)(NPA) માં ઉથલપાથલ જોવા મળી. આ માટે જવાબદાર સાચાં પરિબળો પસંદ કરો.

1. દેશમાં નીચી આર્થિક વૃદ્ધિ
2. ભૂતકાળમાં - ખાસ કરીને સારા સમય દરમ્યાન બેંકો દ્વારા આક્રમક ધિરાણ
3. લોનની વસૂલાત માટેની યોગ્ય કાયદાકીય જોગવાઈઓનો અભાવ
4. બેંકોએ NPA ની પધ્ધતિ (સીસ્ટમ) આધારિત ઓળખ કરવા તરફ પરિવર્તન કર્યું.

(A) 1, 2, 3 અને 4 (B) માત્ર 2, 3 અને 4 (C) માત્ર 1, 2 અને 4 (D) 1, 3 અને 4

055. Lead Bank યોજનાનું મુખ્ય ધ્યેય .......... છે.

(A) મોટી બેંકોએ કોઈ ખાસ જિલ્લાને સઘન વિકાસ માટે દત્તક લેવા.
(B) વ્યક્તિગત બેંકોએ કોઈ ખાસ જિલ્લાને સઘન વિકાસ માટે દત્તક લેવા
(C) વિવિધ રાષ્ટ્રીયકૃત બેંકો વચ્ચે સખત સ્પર્ધા હોવી જોઈએ.
(D) તમામ બેંકોએ થાપણોને મેળવવા માટે સઘન પ્રયત્નો કરવા.

056. ભારતમાં નાની બચત યોજનાના વર્ગીકરણ હેઠળ નીચેના પૈકી શેનો સમાવેશ થાય છે ?

1. પોસ્ટલ ડીપોઝીટ કે જે બચત ખાતા આવર્તક ડીપોઝીટ (Savings account recurring deposits), વિવિધ પાકતી મુદતની સમય થાપણો (time deposits of varying maturities) અને માસિક આવકયોજનાઓનો સમાવેશ કરે છે.
2. બચતપત્રો કે જેમાં રાષ્ટ્રીય નાની બચત પત્રો અને કિસાન વિકાસ પત્રનો સમાવેશ કરે છે.
3. સમાજ સુરક્ષા યોજના કે જેમાં જાહેર ભવિષ્યનીધિ અને વરિષ્ઠ નાગરિક બચત યોજનાઓનો સમાવેશ થાય છે.

(A) માત્ર 1 અને 2 (B) માત્ર 2 અને 3 (C) માત્ર 1 અને 3 (D) 1, 2 અને 3

057. આર્થિક સર્વેક્ષણ 2018-19 ના સંદર્ભમાં નીચે પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. આર્થિક સર્વેક્ષણ 2018-19 જમીનની ઉત્પાદકતાને બદલે સિંચાઈના પાણીની ઉત્પાદકતા તરફ ધ્યાન આપવાનું સૂચવે છે.
2. લગભગ 89% ભૂગર્ભ જળનો ઉપયોગ સિંચાઈ માટે કરવામાં આવે છે.
3. ડાંગર અને શેરડી જેવા પાક 60% જેટલુ સિંચાઈનું પાણી વાપરી નાંખે છે.
4. ખાતરનો વપરાશ કે જે 2002 સુધી સ્થિર હતો તેમાં 2011 પછી સતત વધારો નોંધાયો છે.

(A) માત્ર 1 અને 2 (B) માત્ર 2 અને 3 (C) માત્ર 1, 2 અને 3 (D) 1, 2, 3 અને 4

058. ભારતમાં જમીન સુધારણાના હેતુઓ નીચેના પૈકી કયા છે ?

1. મધ્યસ્થીઓની નાબૂદી
2. ગણોતધારો સુધારા
3. કૃષિનું પુનર્ગઠન
4. વધુ ઉત્પાદન આપતી જાતો

(A) માત્ર 1 (B) માત્ર 1 અને 2 (C) માત્ર 1, 2 અને 3 (D) 1, 2, 3 અને 4



Scanned by CamScanner

059. MNREGA યોજના હેઠળ ચૂકવવામાં આવતા વેતન હવે .......... સાથે સંકલિત કરવામાં આવેલ છે.

(A) WPI
(B) કૃષિ મજૂરો માટેના CPI
(C) ઔદ્યોગિક કામદારો માટેના CPI
(D) ખાદ્ય ફુગાવા

060. e-shakti કે જે સ્વ સહાય જૂથ (Self Help Group) (SHGs) ના ડીજીટાઈઝેશન માટેના National Bank for Agriculture and Rural Development (NABARD) નો પાયલોટ પ્રોજેક્ટ છે તે વિશે નીચેના પૈકી કયું વિધાન / કયાં વિધાનો સાચું / સાચાં છે ?

(A) તે Management Information System (MIS) દ્વારા SHGs ના નામાના હિસાબોની ગુણવત્તા સુધારવા અને બેંકોને આવા જૂથ માટે માહિતી સભર ક્રેડીટ નિર્ણયો લેવા માટે સમર્થ કરવા દાખલ કરવામાં આવી.
(B) SHG સદસ્યોને નેશનલ ફાઈનાન્સીયલ ઈન્ક્લૂઝન એજન્ડા (રાષ્ટ્રીય નાણાંકીય સમાવેશ એજન્ડા) સાથે સંકલિત કરવા.
(C) (A) તથા (B) બંને
(D) (A) તથા (B) બંનેમાંથી કોઈ નહીં

061. આર્થિક સર્વેક્ષણ 2018-19 પ્રમાણે "Data" ને .......... તરીકે પ્રસ્તુત કરવામાં આવ્યા.

(A) ખાનગી વસ્તુ
(B) જાહેર વસ્તુ
(C) મેરીટ વસ્તુ
(D) જાહેર અને મેરીટ વસ્તુ

062. ફૂડ પ્રોસેસીંગ મંત્રાલય, નવી દિલ્હી (મીનીસ્ટ્રી ઓફ ફૂડ પ્રોસેસીંગ ઈન્ડસ્ટ્રીઝ) (MOFPI) પાસે ફૂડ પ્રોસેસીંગ ક્ષેત્રમાં મૂડી રોકાણ અને અન્ય સબસીડી માટે અસંખ્ય યોજનાઓ છે. ગુજરાતમાં MOFPI ની યોજનાઓનો અમલ કરવા માટે નોડલ એજન્સી કઈ છે ?

(A) ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લીમીટેડ
(B) ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન
(C) કૃષિ નિયામકની કચેરી, ગુજરાત
(D) ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડીયા, ગુજરાત ક્ષેત્રીય કાર્યાલય

063. 2018 ના વર્ષ માટેનો વ્યાપાર કરવામાં સરળતા સૂચકાંક (Ease of Doing Business Index) માં ભારતે તેનો ક્રમ સુધારીને 77 મો મેળવેલ છે. આ બાબતમાં નીચેના પૈકી કયું વિધાન / કયાં વિધાનો ખોટું / ખોટાં છે ?

1. સૌથી મોટો લાભ એ બાંધકામ મંજૂરી સૂચક (Indicator of Construction Permits) હતો.
2. હવે ભારત દક્ષિણ એશિયાના દેશોમાં પ્રથમ ક્રમ ધરાવે છે.
3. વીજળી મેળવવી, ધીરાણ મેળવવું અને લઘુમતી રોકાણકારોને રક્ષણ આપવું - આ ત્રણ સૂચકો (indicator) માં ભારત હવે ટોચના 25 દેશોમાં સમાવિષ્ટ છે.

(A) માત્ર 1 અને 3
(B) માત્ર 2 અને 3
(C) 1, 2 અને 3
(D) ઉપર પૈકી કોઈ નહીં

064. કેન્દ્ર સરકારની વિદ્યુત પ્રવાહ મોબાઈલ એપ્લીકેશનનો ધ્યેય .......... છે.

(A) વાસ્તવિક સમય (realtime basis) ના આધારે ભારતમાં ઊર્જાની ઉપલબ્ધતાની જાણકારી પૂરી પાડવી.
(B) પોતાના માટે પ્રવર્તમાન અને લાગુ પડતા હોય તે GST ના દર વિશે જાણવું.
(C) વપરાશના બિલનું ચૂકવણું, આયકર ફાઈલ કરવા જેવી 100 થી વધુ સેવાઓ પૂરી પાડે છે.
(D) લોકોને કેન્દ્રીય મંત્રાલયો અને સંલગ્ન સરકારી સંસ્થાઓ સાથે જોડીને વિચારોને ચેનલાઈઝ કરવા, ટિપ્પણીઓ કરવા અને સર્જનાત્મક સૂચન કરવા માટેનો માર્ગ પૂરો પાડે છે.



Scanned by CamScanner

065. નીચેના પૈકી કયા ખ્યાતનામ (notable) અર્થશાસ્ત્રીઓએ સંસ્થાન સમયગાળા (colonial period) દરમ્યાન ભારતની પર માથાદિઠ આવકનો અંદાજ કર્યો હતો ?

1. દાદાભાઈ નવરોજી
2. વીલીયમ ડીગ્બી
3. વી. કે. આર. વી. રાવ
4. આર. સી. દેસાઈ

(A) માત્ર 1, 3 અને 4 (B) માત્ર 3 અને 4 (C) માત્ર 1 (D) 1, 2, 3 અને 4

066. સૌ પ્રથમ વખત કર આવકને કેન્દ્રમાંથી રાજ્યોમાં વિચલન (સોંપણી) માટે .......... વર્ષમાં ગાડગીલ ફોર્મ્યુલા (સૂત્ર) અમલમાં મૂકવામાં આવ્યું.

(A) 1960-61 (B) 1969-70 (C) 1975-76 (D) 1982-83

067. ઈકોલોજીકલ ફૂટ પ્રીંટ એ .......... એકમમાં મપાય છે.

(A) Global Hectares
(B) Nanometer
(C) Hoppus Cubic foot
(D) Cubic ton

068. RBI ની નાણાંકીય નીતિ બાબતે નીચેના પૈકી કયું સંબંધીત નથી ?

(A) કેશ રીઝર્વ રેશીયો
(B) રેપોરેટ
(C) ડાયરેક્ટ ટેક્સ રેટ (પ્રત્યક્ષ કર દર)
(D) ઉપરના પૈકી કોઈ નહીં

069. ગ્રીન ફાયનાન્સના ખ્યાલનો ઉલ્લેખ સૌ પ્રથમવાર .......... માં થયો.

(A) ટકાઉ વિકાસ (Sustainable development) અંગેના UN અધિવેશનમાં UN દસ્તાવેજમાં (Rio+20)
(B) 2015 ના પેરીસ કરાર (Cop21)
(C) સપ્ટેમ્બર 2015 માં થયેલી UN સામાન્ય સભામાં
(D) પક્ષોના અધિવેશનમાં (Cop24)

070. નીચેના પૈકી કયું વિધાન સાચું છે ?

(A) એમ. એન. રોય દ્વારા People's plan ઘડવામાં આવ્યો હતો.
(B) એમ. વિશ્વાશવરાયયા – 'The Planned Economy of India' પુસ્તકના લેખક
(C) (A) અને (B) બંને
(D) (A) અથવા (B) બંનેમાંથી કોઈ નહીં

071. નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. ગરીબી એ બે ભાગમાં વિભાજીત કરી શકાય - નિરપેક્ષ ગરીબી અને સાપેક્ષ ગરીબી.
2. 2011 ની વસ્તી ગણતરી પ્રમાણે 52% વસ્તી એ ગરીબી રેખાથી નીચે હતી.
3. ગરીબીને એ રીતે વ્યાખ્યાયિત કરવામાં આવે છે કે શહેરી ગરીબ કે જે દિવસની 2400 કેલરી મેળવવા માટે અસમર્થ હોય તથા ગ્રામીણ ગરીબ એ દિવસની 2100 કેલરી મેળવવા માટે અસમર્થ હોય.
4. ઝડપથી વધી રહેલી વસ્તી એ ગરીબી વધવાનું મુખ્ય કારણ છે.

(A) માત્ર 1, 2 અને 3 (B) માત્ર 1 અને 2 (C) માત્ર 1 અને 4 (D) 1, 2, 3 અને 4



Scanned by CamScanner

072. ગુજરાતના અર્થતંત્ર બાબતે નીચેના પૈકી કયું વિધાન / કયાં વિધાનો સાચું / સાચાં છે ?

(A) 2018-19 દરમ્યાન ઘણા ઉદ્યોગો બંધ થવાને કારણે ગુજરાતમાં ઊંચી બેરોજગારી છે.

(B) ગુજરાત રાજ્ય એ કૌશલ્ય / શિક્ષિત વર્ગમાં બેરોજગારી દર ઊંચો ધરાવે છે, પરંતુ કૃષિમાં બેરોજગારી દર નીચો છે.

(C) ભારતના બીજા રાજ્યોમાંથી ઊંચા સ્થળાંતરને કારણે ગુજરાતમાં બેરોજગારનો દર ઊંચો છે.

(D) ભારતના બધા રાજ્યોમાં ગુજરાત એ ઓછો બેરોજગારી દર ધરાવતા રાજ્યોમાંનું એક છે.

073. કેન્દ્રીય બજેટ 2019-20 અનુસાર નીચેના પૈકી કયું એ આગામી દાયકા માટેના 10 મુદ્દાનું દૂરદર્શિતા (Vision) નો ભાગ નથી?

(A) બ્લ્યૂ ઈકોનોમી

(B) પાણી, પાણી વ્યવસ્થાપન, સ્વચ્છ નદીઓ

(C) ડીજીટલ ભારત એ અર્થતંત્રના દરેક ક્ષેત્રમાં પહોંચે તે જાતનું નિર્માણ કરવું.

(D) SEBI ના નિયમનકારી ક્ષેત્ર હેઠળ Electronic Fund ઊભું કરવા માટેનું મંચ તૈયાર કરવું.

074. ભારતને વધુ આકર્ષક FDI મંજીલ બનાવવા માટે સરકાર દ્વારા લેવાયેલ પગલામાં નીચેના પૈકી શેનો સમાવેશ થતો નથી ?

(A) વીમા મધ્યવર્તી (Insurance intermediate) એ 75% FDI મેળવે.

(B) FDI માટે એક બ્રાન્ડ દ્વારા છૂટક ક્ષેત્ર (Single Brand Retail Sector)માં સ્થાનિક સ્ત્રોતનાં ધોરણો સરળ કરવા.

(C) NRI પોર્ટફોલીયો ઈન્વેસ્ટમેન્ટ સ્કીમ રૂટને ફોરેન પોર્ટફોલીયો ઈન્વેસ્ટમેન્ટ રૂટ સાથે ભેળવી દેવાની દરખાસ્ત

(D) ઘણા હિસ્સેદારો (Multi Stakeholder)ની ચકાસણી કરી FDI ક્ષેત્રો જેવા કે ઉડ્ડયન, પ્રચાર માધ્યમ, અને વીમા ક્ષેત્રોને વધુ ખુલ્લાં મૂકી શકાય.

075. આયકર સેતુ કે જે હમણાં સમાચારમાં આવેલ છે તે .......... સાથે સંલગ્ન છે.

(A) તે નવા પરોક્ષ કર અમલીકરણ (regime) ને રોલ આઉટ કરવામાં મદદરૂપ થવા માટે શરૂ કરવામાં આવેલી ખાનગી લીમીટેડ કંપની છે.

(B) તે વપરાશકર્તાઓ કે કરદાતાઓને GST ની જોગવાઈઓ ઓનલાઈન મંચ દ્વારા અમલ કરવા માટે પરવાનગી આપે છે.

(C) તે CBDT દ્વારા શરૂ કરવામાં આવેલી App છે કે જે entities track TD, કર ભરવા અને Permanent Account Number (PAN) માટે અરજી કરવા માટે પરવાનગી આપે છે.

(D) તે એક ડેસ્ક છે કે જે નાના વેપારીઓને GST ના ફાયદા સમજાવશે અને તેમના પ્રશ્નોના જવાબ આપશે.

076. નીચેના પૈકી કઈ બાબત એ ભારતની National Manufacturing Policy નો હેતુ નથી ?

(A) 2022 સુધીમાં GDP માં ઉત્પાદનનો ફાળો 25% વૃધ્ધિ કરવો.

(B) ઉત્પાદનના ક્ષેત્રમાં નોકરીના સર્જકતા દરમાં વધારો કરી 2022 સુધીમાં 100 મીલીયન વધારાની નોકરીનું નિર્માણ કરવું.

(C) માર્ગ (Roadways) માં રાષ્ટ્રીય ક્ષમતા બનાવવી.

(D) ઉત્પાદનમાં ઘરેલુ મૂલ્ય વર્ધિત (domestic value addition) અને તકનીકી ઊંડાણ (technological depth) માં વધારો કરવો.



Scanned by CamScanner

077. ભારત સરકારે વાણિજ્ય મંત્રાલયને '12 ચેમ્પીયન સેવાઓ'ને નિશ્ચિત કરી તેમના વિકાસને પ્રોત્સાહન આપવા માટે ધ્યાન કેન્દ્રીત કરવા મંજૂરી આપી છે. તેમાં .......... નો સમાવેશ થાય છે.

1. બાંધકામ અને તેમને સંલગ્ન ઈજનેરી સેવાઓ
2. પર્યાવરણીય સેવાઓ
3. માહિતી તકનીકી અને માહિતી સક્ષમ સેવાઓ

(A) માત્ર 1 અને 2 (B) માત્ર 2 અને 3 (C) માત્ર 3 (D) 1, 2 અને 3

078. સમયગાળાને આધારે ભારતીય ખેડૂતની કૃષિ ધીરાણ (credit) ને ત્રણ કેટેગરીમાં વર્ગીકૃત કરવામાં આવે છે. આ બાબતમાં નીચેના પૈકી કઈ જોડી / જોડીઓ સાચી રીતે જોડાયેલી છે ?

1. ટૂંકા ગાળાનું ધિરાણ – 12 મહિનાના સમયગાળા સુધી
2. મધ્યમ ગાળાનું ધિરાણ – 15 માસ થી 5 વર્ષની વચ્ચે
3. લાંબા ગાળાનું ધિરાણ – 5 વર્ષથી વધુ

(A) માત્ર 1 (B) માત્ર 2 અને 3 (C) માત્ર 1 અને 3 (D) માત્ર 3

079. ભારતમાં UNESCO ના હેરીટેજ સ્થળો અંગે નીચેના પૈકી કયું વિધાન / કયાં વિધાનો સાચું / સાચાં છે ?

1. વર્ષ 2019 માં જૂનું દિલ્હી ભારતનું બીજું હેરીટેજ શહેર બન્યું છે જેના પછી જયપુર આવે છે.
2. વર્ષ 2018 માં અમદાવાદ ભારતનું પ્રથમ હેરીટેજ શહેર બન્યું.
3. જયપુરનો સમાવેશ કર્યા પછી ભારતના હેરીટેજ સ્થળો કે જે UNESCO ની વર્લ્ડ હેરીટેજ યાદીમાં સમાવિષ્ટ હોય તેમની સંખ્યા વધીને 38 ની થઈ.

(A) માત્ર 1 અને 2 (B) માત્ર 3 (C) માત્ર 2 અને 3 (D) માત્ર 1 અને 3

080. ભારત સરકારની કુલ મહેસૂલી આવક તથા કુલ ખર્ચ વત્તા બજારનું ઉધાર (Market borrowings) અને જવાબદારીઓ (Liabilities) નો તફાવત .......... કહેવાય.

(A) રાજકોષીય ખાધ (B) મહેસૂલી ખાધ (C) અંદાપત્રિય ખાધ (D) પ્રાથમિક ખાધ

081. તાજેતરમાં નીતિ આયોગે હાઈ-ટેક જાહેર પરિવહનની છ દરખાસ્તોને મંજૂરી આપી છે. નીચેના પૈકી કયું / કયાં આ દરખાસ્તના ભાગરૂપ નથી ?

1. હાયપરલુપ (Hyperloop)
2. મેટ્રીની (Metrino)
3. પોડ ટેક્ષી (Pod Taxis)
4. બુલેટ ટ્રેન (Bullet Train)

(A) માત્ર 1 અને 3 (B) માત્ર 2 અને 3 (C) માત્ર 4 (D) 1, 2, 3 અને 4

082. કેપીટલ ગેઈન ટેક્સ (મૂડી લાભ કર) વિશે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. મૂડી લાભ એ જ્યારે રોકાણ તેની મૂળ ખરીદ કિંમત કરતાં ઊંચી કિંમતે વેચવામાં આવે છે ત્યારે જે નફો મળે છે, તેને કહેવાય છે.
2. મૂડી લાભ કર એ ત્યારે જ લાગે છે જ્યારે અસ્કયામત વેચાય છે. જ્યારે રોકાણકાર પાસે માલિકીમાં હોય ત્યારે લાદવામાં આવતો નથી.
3. સામાન્ય રીતે, જો અસ્કયામત એ 24 માસથી ઓછા સમયગાળાની માલિકી ધરાવતી હોય, તો તેને વેચવાથી મળતો લાભ એ ટૂંકાગાળાનો મૂડી લાભ તરીકે ગણવામાં આવે છે.

(A) માત્ર 1 અને 3 (B) માત્ર 2 અને 3 (C) માત્ર 1 અને 2 (D) 1, 2 અને 3



Scanned by CamScanner

083. Double Taxation Avoidance Agreement (DTAA) બાબતે નીચેના પૈકી કયું વિધાન / કયાં વિધાનો સાચું / સાચાં છે ?

1. તેનો મુખ્ય હેતુ એ આ દેશોમાં કરદાતાઓએ એક જ આવક ઉપર બે વખત કર ચૂકવે તે અટકાવવા માટેનો છે.
2. DTAA એ ત્યારે લાગુ પડે છે કે જ્યારે કરદાતા એ એક દેશમાં નિવાસ કરતા હોય અને અન્ય દેશમાં આવક પ્રાપ્ત કરતા હોય.
3. ભારતે 80 થી વધુ દેશો સાથે DTAAs કરેલા છે.

(A) માત્ર 1
(B) માત્ર 1 અને 2
(C) માત્ર 2 અને 3
(D) 1, 2 અને 3

084. હાલમાં જ ઘડવામાં આવેલ PARIWARTAN યોજનાનો હેતુ .......... છે.

(A) તનાવ અનુભવી રહેલી પાવર ક્ષેત્રની સંપત્તિને પુનર્જીવિત કરવી.
(B) પસંદ કરેલા નક્સલ પ્રભાવિત જિલ્લાઓને વિકાસના હોટ સ્પોટ (મુખ્ય સ્થળ) તરીકે પરિવર્તિત કરવા.
(C) સ્ત્રીઓમાં તેમના કાયદાકીય હકો વિશે જાગ્રતતા લાવવી.
(D) પર્વતીય ક્ષેત્રોમાં મહત્ત્વાકાંક્ષી જિલ્લાઓની રચના કરવી.

085. PM શ્રમ-યોગી માનધન યોજના બાબતે નીચેના પૈકી કયું વિધાન / કયાં વિધાનો સાચું / સાચાં છે ?

1. કામદારો કે જેમની માસિક આવક રૂા. 15,000 કે તેથી ઓછી હોય તે આ યોજના અંતર્ગત લાભાર્થી બનવા માટે યોગ્યતા ધરાવે છે.
2. સંગઠીત અને અસંગઠીત ક્ષેત્રના કામદારોને સમાવિષ્ટ કરે છે.
3. તે શ્રમ અને રોજગાર મંત્રાલયનો ઉપક્રમ છે.

(A) માત્ર 1 અને 2 (B) માત્ર 1 અને 3 (C) માત્ર 2 અને 3 (D) 1, 2 અને 3

086. GRAMIN AGRICULTURAL MARKETS (GrAMS) બાબતે નીચેના પૈકી કયું વિધાન / કયાં વિધાનો સાચું / સાચાં છે ?

1. તેનો ઉદ્દેશ હાલના 40,000 ગ્રામીણ હાટને Gramin Agriculture Market માં વિકસિત કરવાનો અને ઊંચી કક્ષાએ લઈ જવાનો છે.
2. તે e-NAMS સાથે સંકલિત થશે.
3. તે APMC Act (અધિનિયમ) નિયમનથી અલગ હશે.

(A) માત્ર 1 અને 3
(B) માત્ર 1 અને 2
(C) માત્ર 2 અને 3
(D) 1, 2 અને 3

087. Logistics Performance Index (LPI) 2018 ના સંદર્ભમાં નીચેના પૈકી કયું વિધાન અસત્ય છે ?

(A) ભારતનો LPI રેન્કીંગ એ 2016 માં 35 મા ક્રમેથી ઘટીને 2018 માં 44 મા ક્રમે થયેલ છે.
(B) LPI 2018 હેઠળ જર્મનીને પ્રથમ આપવામાં આવ્યો છે અને સ્વીડન બીજા ક્રમે આવેલ છે.
(C) તે વર્લ્ડ બેંક દ્વારા 160 દેશોની લોજીસ્ટીક ક્ષેત્રની કામગીરીની સરખામણી કરીને દ્વિ વાર્ષિક રજૂ કરવામાં આવે છે.
(D) આ સૂચકાંક (Index) એ 1 થી 10 સુધીના હોય છે. જેમાં ઊંચો સ્કોર એ વધુ સારી કામગીરી દર્શાવે છે.



Scanned by CamScanner

E

088. Kisan Urja Suraksha Evem Utthaan Mahabhiyan" (KUSUM) યોજના વિશે નીચેના પૈકી કયું વિધાન / કયાં વિધાનો સાચું / સાચાં છે ?

1. આ યોજના એ ખેડૂતોને બાયોગેસ વિદ્યુત પ્લાન્ટ (Biogas Electricity Plants) વેચવા વિશેના આયોજન બાબતની છે.
2. આ યોજના એ ખેડૂતોને વધારાની આવક પ્રાપ્ત કરવા અને તેઓને સિંચાઈ સુવિધામાં મદદરૂપ થશે.

(A) માત્ર 1
(B) માત્ર 2
(C) 1 અને 2 બંને
(D) 1 અથવા 2 બંને પૈકી એકપણ નહીં

089. ભારતમાં બિન નિવાસી બાહ્ય ખાતુ (Non Resident External (NRE) Account) શરૂ કરવા બાબતે નીચેના પૈકી શું સાચું છે ?

1. NRE ખાતું એ NRIs અને OCBs (Overseas Corporate Bodies) દ્વારા તમામ પ્રકારના માંગ (demand) અને મુદત થાપણ (term deposits) ના સ્વરૂપમાં અધિકૃત ડીલર અને બેંક સાથે ખોલાવી શકાશે.
2. આ ખાતામાં થાપણો (deposits) એ કોઈપણ ચલણમાં કરાવી શકાશે.

(A) માત્ર 1
(B) માત્ર 2
(C) 1 અને 2 બંને
(D) 1 અથવા 2 બંને પૈકી એકપણ નહીં

090. નીચેના પૈકી કયું વિધાન / કયાં વિધાન સાચું / સાચાં છે ?

1. રોકાણકારો પાસેથી બિન સૂચિબધ્ધ કંપનીઓ દ્વારા ઉભી કરવામાં આવેલી મૂડી પર ચૂકવવા પાત્ર આવકવેરો એ Angel tax છે.
2. તે ભંડોળના Laundering ને અટકાવવા માટે 2012 ના બજેટમાં દાખલ કરવામાં આવ્યો હતો.
3. જો કે હાલના 2019 ના બજેટમાં રદ કરવામાં આવ્યો હતો.
4. જો સ્ટાર્ટ અપ એન્ટીટીની ભરપાઈ થયેલી મૂડીએ રૂા. 25 કરોડ કે તેથી ઓછી હોય તો angel tax લાગુ પડતો નથી.

(A) માત્ર 1 અને 2
(B) માત્ર 1 અને 3
(C) માત્ર 1, 2 અને 4
(D) માત્ર 3

091. નીચેના પૈકી કયું વિધાન / કયાં વિધાનો સાચું / સાચાં છે ?

1. વર્ષ 2019 માં ઈલેક્ટ્રીક વાહનો પરનો GST 12% થી ઘટાડીને 5% કરવામાં આવ્યો.
2. ઈલેક્ટ્રીક વાહન ચાર્જર ઉપરનો GST 18% થી ઘટાડીને 5% થયો.
3. આ ચીજો પરનો GST ઘટાડીને 0% કરવામાં આવ્યો : સેનેટરી નેપકીન, સાવરણી માટેનો કાચો માલ, રાખડી, આરસના દેવતાઓ

(A) માત્ર 1 અને 2
(B) 1, 2 અને 3
(C) માત્ર 2 અને 3
(D) માત્ર 1 અને 3

092. ભારતીય અર્થતંત્રમાં કઈ રીતે વર્તણૂંકીય પરિવર્તન શક્ય છે તે 2018-19 નું આર્થિક સર્વેક્ષણ સમજાવે છે. આ પરિવર્તન નીચેના પૈકી કઈ યોજના દ્વારા શક્ય છે ?

1. બેટી બચાવો, બેટી પઢાવો
2. સ્વચ્છ ભારત મિશન
3. નાદારી અને દેવાળું પ્રક્રિયા
4. ઉજાલા યોજના

(A) 1, 2, 3 અને 4
(B) માત્ર 2 અને 3
(C) માત્ર 3 અને 4
(D) માત્ર 4



Scanned by CamScanner

E

093. શૂન્ય બજેટ કુદરતી ખેતી (Zero Budget Natural Farming) (ZBNF) વિશે કયું વિધાન / કયાં વિધાનો સાચું / સાચાં છે ?

1. શાકભાજીના પાક (Leguminous crops) સાથે આંતરપાક એ ZBNF ના ઘટકોમાંનો એક છે.
2. વાતાવરણના નાઈટ્રોજનને સ્થાયી કરીને પાકની ઉત્પાદકતા અને જમીનની ફળદ્રુપતા વધારે છે.
3. ZBNF માં વપરાતા ગોબર, મૂત્ર આધારિત રચનાઓ (formulations) અને વાનસ્પતિક અર્ક એ ખેડૂતોને ઈનપુટ ખર્ચ ઘટાડવામાં મદદરૂપ થાય છે.
4. આ યોજના માત્ર નાના જમીનધારકોને જ લાગુ પડે છે.

(A) 1, 2, 3 અને 4 (B) માત્ર 2, 3 અને 4 (C) માત્ર 3 અને 4 (D) માત્ર 4

094. આ વર્ષના પ્રારંભમાં પ્રકાશિત કરાયેલા The World Happiness Report 2019 બાબતે નીચેના પૈકી કયું વિધાન / કયાં વિધાનો સાચું / સાચાં છે ?

1. સામાજીક સમર્થન, વિશ્વાસ, આવક એ સુખને અસરકરતાં કેટલાંક પરિબળો છે.
2. વર્લ્ડ હેપ્પીનેસ સૂચકાંકમાં ભારત 140 મા ક્રમે આવે છે.
3. ફિનલેન્ડ એ સતત બીજા વર્ષે સૌથી વધુ સુખી દેશ તરીકે આવ્યો છે.

(A) 1, 2 અને 3 (B) માત્ર 2 અને 3 (C) માત્ર 3 (D) માત્ર 1 અને 3

095. નીચેના પૈકી કયો કર એ 2018-19ના નાણાંકીય વર્ષમાં ગુજરાતમાં રાજ્યકર આવકમાં બીજા ક્રમનો સૌથી મોટો ઘટક હતો ?

(A) વાહન વેરો (B) વેચાણ વેરો અને VAT
(C) રાજ્ય GST (D) નોંધણી (registration) ફી

096. ભારતમાં આદિજાતિઓના શિક્ષણને પ્રોત્સાહિત કરવા માટે Eklavya Model Residential Schools (EMRS) નો ખ્યાલ દાખલ કરવામાં આવ્યો. આ યોજના વિશે નીચેના પૈકી કયું વિધાન / કયાં વિધાનો સાચું / સાચાં છે ?

1. EMRS ની સ્થાપના એ ST વિદ્યાર્થીઓને ગુણવત્તા સભર મધ્યમ અને ઉચ્ચ સ્તરીય શિક્ષણ પૂરું પાડવા માટે થઈ છે.
2. EMRS ની સ્થાપના એ રાજ્યો/સંઘ પ્રદેશો તરફથી પ્રાપ્ત દરખાસ્તોના આધારે માંગ સંચાલિત છે.
3. આવી સ્કૂલોને ભંડોળ કેન્દ્ર સરકાર તરફથી મળે છે.

(A) 1, 2 અને 3 (B) માત્ર 1 અને 2
(C) માત્ર 2 અને 3 (D) માત્ર 3

097. નીચેના પૈકી કયા સર્વોચ્ચ સંસ્થા (apex body) દ્વારા પ્રધાનમંત્રી આદર્શ ગ્રામ યોજના અમલમાં મૂકવામાં આવી છે.

(A) ગ્રામ્ય બાબતોનું મંત્રાલય (B) સામાજીક ન્યાય અને આદ્યકારીતા મંત્રાલય
(C) પાણી પૂરવઠા અને સ્વચ્છતા મંત્રાલય (D) ગૃહ બાબતોનું મંત્રાલય

098. પ્રાદેશિક ગ્રામીણ બેંકો (Regional Rural Banks) (RRBs) વિશે નીચેના પૈકી કયું વિધાન / કયાં વિધાનો સાચું / સાચાં છે?

1. તે પ્રાદેશિક ગ્રામીણ બેંક અધિનિયમ, 1976 હેઠળ સ્થાપના કરાયેલ વૈધાનિક સંસ્થાઓ છે.
2. પ્રથમ પ્રાદેશિક ગ્રામીણ બેંક "પ્રથમ ગ્રામીણ બેંક" એ 2જી ઓક્ટોબર, 1975 ના રોજ સ્થાપવામાં આવી.
3. RRB એ વાણિજ્યિક બેંકોની સમકક્ષ અગ્રતા ક્ષેત્રના ધિરાણ ધોરણોને અનુસરવા પડે.

(A) માત્ર 1 અને 3 (B) માત્ર 2 અને 3 (C) માત્ર 1 અને 2 (D) 1, 2 અને 3

Scanned by CamScanner

**E**

099. નેશનલ ફૂડ સીક્યોરીટી એક્ટ, 2013 અંતર્ગત કરવામાં આવેલ જોગવાઈઓ બાબતે નીચેના પૈકી કયું વિધાન / કયાં વિધાનો સાચું / સાચાં છે ?

1. આ અધિનિયમ એ ટાર્ગેટેડ પબ્લીક ડીસ્ટ્રીબ્યૂશન સીસ્ટમ (TPDS) અંતર્ગત 75% સુધીની ગ્રામીણ વસ્તીને અને 50% સુધીની શહેરી વસ્તીને રાહતના દરે અનાજ મેળવવા માટેની જોગવાઈ કરે છે.
2. ભાવ એ કેન્દ્ર સરકાર દ્વારા સમયાંતરે નિશ્ચિત કરવામાં આવે છે, પરંતુ તે MSP થી વધવા જોઈએ નહીં.
3. તેમાં સૂચવેલ પોષક ધોરણો અનુસાર 14 વર્ષ સુધીના બાળકો, એ પૌષ્ટિક આહાર મેળવવા અથવા ઘરે સીધું સામાન (રેશન) લઈ જવા માટે હકદાર છે.

(A) માત્ર 1 અને 2 (B) માત્ર 2 અને 3 (C) માત્ર 1 અને 3 (D) 1, 2 અને 3

100. નેશનલ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ (NIIF) વિશે નીચેના પૈકી કયું વિધાન / કયાં વિધાનો સાચું / સાચાં છે ?

1. NIIF એ રોકાણકારની માલિકીનું ફંડ મેનેજર છે. અગ્રણી વૈશ્વિક અને સ્થાનિક સંસ્થાગત રોકાણકારોના સહયોગથી ભારત સરકાર દ્વારા તેની આગેવાની (anchored) લેવાય છે.
2. તે સીક્યોરીટી અને એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડીયા સાથે કેટેગરી II વૈકલ્પિક રોકાણ ફંડ તરીકે નોંધણી થયેલ છે.
3. NIIF એ ભારતનું પ્રથમ સાર્વભૌમ સંપત્તિ ફંડ (sovereign wealth fund) છે.

(A) માત્ર 1 અને 3 (B) માત્ર 1 અને 2 (C) માત્ર 2 અને 3 (D) 1, 2 અને 3

101. નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. શેરપા એ રાજ્યના વડા કે સરકારનો વ્યક્તિગત પ્રતિનિધિ છે કે જે આંતરરાષ્ટ્રીય સમિટની તૈયારી કરી છે.
2. G20 સમિટ માટે સુરેશ પ્રભુ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના શેરપા તરીકે નિયુક્ત થયા છે.
3. સમિટ દ્વારા આયોજન, મંત્રણા અને અમલીકરણના કાર્યમાં શેરપા સંકળાયેલા હોય છે.
4. શેરપા એ માત્ર કેબીનેટમાંથી જ પસંદ કરવામાં આવશે.

(A) 1, 2, 3 અને 4 (B) માત્ર 1, 2 અને 3 (C) માત્ર 2, 3 અને 4 (D) માત્ર 1, 2 અને 4

102. ઉત્તર પૂર્વીય પરિષદ બાબતે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. આ પરિષદનું 68 મું Plenary (પૂર્ણ) સત્ર એ પ્રધાનમંત્રીના નેતૃત્વમાં થયું.
2. આ પરિષદ એ ઉત્તર પૂર્વીય પરિષદ અધિનિયમ 1972 દ્વારા સ્થાપવામાં આવી હતી.
3. ઉત્તર પૂર્વીય તમામ રાજ્યોના રાજ્યપાલો અને મુખ્યમંત્રીઓ આ પરિષદના સદસ્યો છે.
4. કેન્દ્રીય ગૃહમંત્રી પરિષદની અધ્યક્ષતા કરશે.

(A) 1, 2, 3 અને 4 (B) માત્ર 2 અને 4 (C) માત્ર 2, 3 અને 4 (D) માત્ર 3 અને 4

103. પ્રતિ વર્ષ 8 મી સપ્ટેમ્બર આંતરરાષ્ટ્રીય સાક્ષરતા દિવસ તરીકે મનાવવામાં આવે છે. આ વર્ષનું વિષયવસ્તુ (Theme) .......... છે.

(A) સાક્ષરતા અને બહુ ભાષીયતા (B) તમામને સાક્ષરતા
(C) સાક્ષરતા અને સમાજ (D) સાક્ષરતા, ભાષાઓ અને શિક્ષણ (learning)

104. ભારતમાં ગેંડાના સંરક્ષણ માટે નીચેના પૈકી કયા ભારતીય ક્રિકેટરે ઝુંબેશ શરૂ કરી છે ?

(A) વિરાટ કોહલી (B) રોહિત શર્મા (C) મિથાલી રાજ (D) એમ. એસ. ધોની

105. નીચેના પૈકી કયા દેશને ડોરિયન (Dorian) વાવાઝોડાથી થયેલા વિનાશની મુશ્કેલીઓ દૂર કરવા માટે ભારતે 1 મિલિયન ડોલરની માનવીય સહાયની જાહેરાત કરી છે ?

(A) બહામાસ (Bahamas) (B) બ્રાઝીલ
(C) મોંગોલીયા (D) કોસ્ટેરીકા (Costa Rica)

Scanned by CamScanner

E

106. ભારત અને શ્રીલંકા વચ્ચેની દ્વિપક્ષી દરિયાઈ કવાયત SLINEX-2019 .......... ખાતે શરૂ થઈ.

(A) ચેન્નાઈ (B) મુંબઈ (C) વાઈઝાગ (D) તુતીકોરીન

107. ભારતના રાષ્ટ્રીય ખેલ (National Games of India) બાબતે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. આગામી ઓક્ટોબરમાં આવનાર રાષ્ટ્રીય ખેલ એ ભારતમાં 36 મો રાષ્ટ્રીય ખેલ હશે.
2. આ રમતો અમરાવતીમાં યોજવામાં આવશે.
3. 2019 ના રાષ્ટ્રીય રમતોનો માસ્કોટ (Mascot) સ્માઈલીંગ ક્લાઉડેડ લેપર્ડ (Smiling Clouded Leopard) છે.
4. 2022 ના રાષ્ટ્રીય ખેલ મેઘાલયમાં યોજાશે.

(A) 1, 2, 3 અને 4 (B) માત્ર 1, 2 અને 3 (C) માત્ર 1, 3 અને 4 (D) માત્ર 1 અને 4

108. તાજેતરમાં ભારતના પ્રધાનમંત્રી અને નેપાળના પ્રધાનમંત્રીએ પેટ્રોલીયમ પેદાશોની પાઈપલાઈનનું સંયુક્ત રીતે ઉદ્દઘાટન કર્યું. આ બાબતે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

1. તે દક્ષિણ એશિયાની સૌ પ્રથમ એવી આંતર સરહદીય (Cross border) પેટ્રોલીયમ પેદાશો માટેની પાઈપલાઈન છે.
2. તે 600 કિમીથી લાંબી પાઈપલાઈન છે.
3. તેનાથી નેપાળમાં પેટ્રોલીયમ પેદાશોની કિંમતમાં રૂા. 2 ઘટાડો થશે.
4. આ પાઈપલાઈન નેપાળના આમલેખગુંજ થી આસામના દિબ્રુગઢ વચ્ચે છે.

(A) 1, 2, 3 અને 4 (B) માત્ર 2, 3 અને 4 (C) માત્ર 1 અને 2 (D) માત્ર 2

109. ભારતમાં નમૂના નોંધણી સર્વેક્ષણ (Sample Registration Survey) વિશે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. તે મુજબ સ્ત્રીઓનું અપેક્ષિત આયુષ્ય 70.4 વર્ષ છે.
2. પુરુષોનું અપેક્ષિત આયુષ્ય 67.8 વર્ષ છે.
3. સ્ત્રીઓ અને પુરુષોના અપેક્ષિત આયુષ્યમાં સૌથી વધુ તફાવત એ ઉત્તરાખંડમાં 10 વર્ષનો નોંધાયેલ છે.
4. રાષ્ટ્રીય સ્તરે જન્મ સમયે સ્ત્રી-પુરુષ અપેક્ષિત આયુષ્ય એ આશરે 2.6 વર્ષનો તફાવત ધરાવતો હતો.

(A) 1, 2, 3 અને 4 (B) માત્ર 2, 3 અને 4 (C) માત્ર 1, 2 અને 4 (D) માત્ર 2 અને 4

110. નીચેના પૈકી કઈ સંસ્થાએ ગુરૂનાનક દેવની 550 મી જન્મ જયંતિ નિમિત્તે ગુરૂનાનક દેવના લખાણો (writings) વિશ્વની ભાષાઓમાં પ્રકાશિત કરવાનું નક્કી કર્યું છે ?

(A) UNESCO
(B) શિરોમણી ગુરૂદ્વારા પ્રબંધક સમિતિ
(C) આંતરરાષ્ટ્રીય શીખ અખાડા (Akada)
(D) અમેરીકન શીખ એસોસીએશન

111. જાહેર ક્ષેત્રની વિવિધ બેંકોના વિલયન (Merger) બાબતે નીચેના પૈકીની કઈ જોડીઓ ખોટી રીતે જોડાયેલી છે ?

| એંકર બેંક (Anchor Bank) | સંયોજીત બેંકો (Amalgamation Banks) |
|---|---|
| 1. પંજાબ નેશનલ બેંક | – ઓરીયેન્ટલ બેંક ઓફ કોમર્સ |
| 2. ઈન્ડીયન બેંક | – કોર્પોરેશન બેંક અને અલ્હાબાદ બેંક |
| 3. આંધ્ર બેંક | – સીંડીકેટ બેંક અને કેનેરા બેંક |
| 4. યુનિયન બેંક | – યુનાઈટેડ બેંક ઓફ ઈન્ડીયા |

P O U
CS
A I
U A C

(A) માત્ર 1 અને 2 (B) માત્ર 2 અને 3 (C) માત્ર 2, 3 અને 4 (D) 1, 2, 3 અને 4

112. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ યોગ એવોર્ડ, 2019 એનાયત કર્યા. .......... એ વ્યક્તિગત રાષ્ટ્રીય વર્ગમાં આ એવોર્ડ જીત્યો.

(A) ગુજરાતના સ્વામી સત્યેન્દ્ર વ્યાસ
(B) ગુજરાતના સ્વામી રાજર્ષિ મુનિ
(C) તામિલનાડુના સ્વામી મૃગેશન
(D) આંધ્રપ્રદેશના સ્વામી શિવાનંદ શર્મા

Scanned by CamScanner

113. ભારતના માનવ સંસાધન વિકાસ મંત્રાલયે ......... માટે વિશ્વની સૌથી મોટી સંકલિત ઓનલાઈન જંક્શન "શગુન" શરૂ કરી છે.

(A) ખાનગી વિશ્વવિદ્યાલયો (B) તકનીકી સંસ્થાઓ (C) શાળાઓ (D) સંશોધન સંસ્થાઓ

114. નીચેના પૈકી કયા ભારતીય અભિનેતાએ ફોર્બ્સ મેગેઝીન દ્વારા જારી કરાયેલ સૌથી વધુ કિંમત ચૂકવાયેલ ટોચના પાંચ અભિનેતાઓની યાદી 2019 માં સ્થાન મેળવેલ છે ?

(A) અમિતાભ બચ્ચન (B) શાહરૂખ ખાન (C) આમીર ખાન (D) અક્ષય કુમાર

115. તાજેતરમાં નીચેના પૈકી કયા દેશે 'ફેડર' નામના માનવ રોબોટ (Humanoid Robot) ને અવકાશમાં મોકલ્યો ?

(A) રશિયા (B) યુએસએ (C) યુકે (D) ફ્રાંસ

116. નીચેના પૈકી કયા દિવસે યુનેસ્કો (UNESCO) દ્વારા આંતરરાષ્ટ્રીય ગુલામી વ્યાપાર અને તેના નાબૂદીની યાદગીરીનો દિવસ (International Day for Remembrance of the Slave Trade and its Abolition) તરીકે મનાવવામાં આવે છે ?

(A) બીજી ઑગસ્ટ
(B) ચૌદમી ઑગસ્ટ
(C) ત્રેવીસમી ઑગસ્ટ
(D) એકત્રીસમી ઑગસ્ટ

117. કેન્દ્ર સરકાર દ્વારા "સબકા વિશ્વાસ" યોજના .......... માટે શરૂ કરવામાં આવી છે.

(A) કરદાતાઓ
(B) પોલીસ વિભાગ
(C) સીમા શુલ્ક વિભાગ
(D) આંતરરાષ્ટ્રીય બાબતો

118. વર્લ્ડ ગોલ્ડ કાઉન્સીલ દ્વારા પ્રત્યેક દેશમાં રહેલા સુવર્ણ અનામતની યાદી 2019 બહાર પાડી છે. આ બાબતે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. આશરે 8133 ટન ની અનામત સાથે યુએસએ આ યાદીમાં સર્વોચ્ચ સ્થાને છે.
2. આઈ.એમ.એફ.ને બાકાત રાખીને ભારત એ વ્યક્તિગત દેશ શ્રેણીમાં આ યાદીમાં 9 મા ક્રમે સ્થાન મેળવેલ છે.
3. આઈ.એમ.એફ.નો સમાવેશ કરીને સમગ્ર દેશ શ્રેણીમાં આ યાદીમાં ભારત 10 મું સ્થાન મેળવેલ છે.
4. અહેવાલ અનુસાર ભારત (સરકાર પાસે) આશરે 2000 ટન સુવર્ણ અનામત ધરાવે છે.

(A) 1, 2, 3 અને 4
(B) માત્ર 2, 3 અને 4
(C) માત્ર 1, 2 અને 3
(D) માત્ર 2 અને 3

119. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની રશિયા મુલાકાતના સંદર્ભમાં નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. ભારત અને રશિયાએ યોકોવલેવ ડીઝાઈન બ્યુરો (Yakovlev Design Bureau) અને ભારત અર્થ મુવર્સ લીમીટેડ (Bharat Earth Movers Limited) (BEML) વચ્ચે પ્રારંભિક તાલિમી વિમાન દક્ષ (DAKSH) ના ઉત્પાદન અને એકત્ર (Assembly) કરવા બાબતે એમ.ઓ.યુ. (MoU) હસ્તાક્ષર કર્યા.
2. ભારતે રશિયા પાસેથી $ 14.5 બીલીયન (ડોલર)ના શસ્ત્રોનો ઓર્ડર કર્યો.
3. રશિયા દૂર પૂર્વ (Far East) ક્ષેત્રના વિકાસ માટે ભારતે ક્રેડીટ લાઈન (શાખ રેખા) 100 બિલીયન ડોલર સુધીની કરી.
4. પ્રધાનમંત્રીએ રશિયા માટે એક્ટ ફાર ઈસ્ટ (Act Far East) યોજના શરૂ કરી.

(A) 1, 2, 3 અને 4
(B) માત્ર 2, 3 અને 4
(C) માત્ર 1 અને 4
(D) માત્ર 1, 2 અને 4

Scanned by CamScanner

120. ખનીજ સંશોધન બાબતે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. તપાસ અને સંશોધન માટે ધ એટોમિક મિનરલ્સ ડીરેક્ટોરેટ (The Atomic Minerals Directorate) (AMD) ગુજરાતમાં બે પરમાણ્વીય ખનીજોની શોધ કરી છે.
2. AMD એ 19,546 ટન નિયોબિયમ ઓક્સાઈડ (niobium oxide) અને 3.46 લાખ ટનની દુર્લભ પૃથ્વી તત્વો (rare earth elements) ઓક્સાઈડનો અંદાજ કર્યો છે.
3. આ ખનીજો ગુજરાતના છોટાઉદેપુર જિલ્લામાં મળી આવ્યાં છે.
4. AMD એ આજ સ્થળે 4.12 લાખ ટનના થોરીયમની શોધ પણ કરી છે.

(A) 1, 2, 3 અને 4 (B) માત્ર 1, 2 અને 3 (C) માત્ર 2 અને 3 (D) માત્ર 1 અને 3

121. વર્ષ 2019ની ટુર્નામેન્ટના વિજેતાઓના સંદર્ભે નીચેના પૈકી કઈ જોડી/જોડીઓ ખોટી છે ?

1. ઓસ્ટ્રેલીયન ઓપન – રોજર ફેડરર
2. ફ્રેન્ચ ઓપન – રાફાલ નડાલ
3. વિમ્બલ્ડન – નોવાક ઝોકોવીચ
4. યુ.એસ. ઓપન – રાફાલ નડાલ

(A) માત્ર 1 અને 2 (B) માત્ર 1 (C) માત્ર 1 અને 3 (D) માત્ર 2 અને 3

122. ગ્રાહક સુરક્ષા ખરડો, 2019 ની બાબતમાં નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. આ ખરડો ગ્રાહક સુરક્ષા અધિનિયમ (Act) 1986 ના સ્થાને આવ્યો.
2. આ બિલ ગ્રાહકના છ હકો વ્યાખ્યાયિત કરે છે, જેમાં જીવન અને સંપત્તિને જોખમી એવા સામાન અને સેવાઓના માર્કેટીંગ કરવા સામે સંરક્ષણ આપવાના હકનો પણ સમાવેશ થાય છે.
3. આ બિલ અંતર્ગત કેન્દ્ર સરકાર કેન્દ્રીય ગ્રાહક સુરક્ષા સત્તાધિકાર (Central Consumer Protection Authority) (CCPA) ની રચના કરશે.
4. CCPA એ ઉત્પાદક અથવા સમર્થકને ખોટી જાહેરાત બદલ રૂા. 50 લાખ સુધીનો દંડ અને 10 વર્ષ સુધીની કેદની સજા ફરમાવી શકે.

નીચેના પૈકી સાચો વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1, 2 અને 3 (B) માત્ર 2, 3 અને 4 (C) માત્ર 1 અને 3 (D) 1, 2, 3 અને 4

123. ભારતીય ક્રિકેટ ટીમના નવા કોચની પસંદગી કરવા માટેની BCCI ની ક્રિકેટ એડવાઈજરી કમિટી (સલાહકાર સમિતિ)ના સભ્યો નીચેના પૈકી કોણ છે ?

1. કપિલદેવ
2. શાન્થા રંગાસ્વામી
3. અંશુમાન ગાયકવાડ
4. દિલીપ વેંગસરકર

(A) માત્ર 1, 2 અને 3 (B) માત્ર 1, 3 અને 4
(C) માત્ર 1, 2 અને 4 (D) 1, 2, 3 અને 4

124. નાણાંકીય વિધેયક અને વિનિયોગ વિધેયક 2019 બાબતે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. સરકારે પેટ્રોલ અને ડીઝલ ઉપર સેસમાં પ્રતિ લિટરે રૂા. 2 નો વધારો કર્યો.
2. બેંકમાંથી રૂા. 1 કરોડથી વધુ રકમની રોકડ ઉપાડ પર 2% TDS (ટેક્સ ડીડકટેડ એટ સોર્સ)
3. કોર્પોરેટ દર 50% ના દરથી ઘટાડી 35% ના દરે લઈ જવામાં આવ્યો.

(A) 1, 2 અને 3 (B) માત્ર 2 અને 3
(C) માત્ર 1 અને 2 (D) માત્ર 1 અને 3



Scanned by CamScanner

E

125. ભારતના 7 મા આર્થિક સેન્સસ બાબતે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. 7 મા આર્થિક સેન્સસની શરૂઆત ત્રિપુરાથી થઈ.
2. છેલ્લી આર્થિક સેન્સસ 2010 માં કરવામાં આવી હતી.
3. આ સેન્સસના પરિણામો માર્ચ 2020 સુધીમાં ઉપલબ્ધ થશે.
4. માહિતી માત્ર વાણિજ્યિક સંસ્થાઓ પાસેથી જ એકત્રિત કરવામાં આવશે.

(A) 1, 2, 3 અને 4 (B) માત્ર 2, 3 અને 4 (C) માત્ર 1 અને 3 (D) માત્ર 2 અને 4

126. પ્રધાનમંત્રી લઘુ વ્યાપારી માનધન યોજના બાબતે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. આ યોજના નાના દુકાનદારોને, છૂટક વેપારીઓને અને સ્વરોજગાર ધરાવતા લોકોને માસિક રૂા. 3000 નું લઘુત્તમ માસિક પેન્શન પૂરું પાડશે.
2. 50 વર્ષની ઉંમર બાદ લાભાર્થીને પેન્શન આપવામાં આવશે.
3. 18 થી 40 વર્ષની વય જૂથ ધરાવતા અને વસ્તુ તથા સેવા કર (GST) નું ટર્ન ઓવર રૂા. 1.5 કરોડથી નીચે હોય તેવા સ્વરોજગાર ધરાવનાર લોકો, નાના દુકાનદારો અને છૂટક વેપારીઓ આ યોજનાનો લાભ લઈ શકશે.
4. ઉપર મુજબની પાત્રતા ધરાવતા લોકો રાષ્ટ્રીય પેન્શન યોજના, કર્મચારી રાજ્ય વીમા યોજના હેઠળ આવરી લેવામાં આવેલ હોવા જોઈએ નહિ.

(A) માત્ર 1, 2 અને 3 (B) માત્ર 1, 3 અને 4 (C) 1, 2, 3 અને 4 (D) માત્ર 2, 3 અને 4

127. દીનદયાલ અંત્યોદય યોજના - નેશનલ રૂરલ લાઈવલીહુડ મીશન (રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન) બાબતે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. તે 2011 માં રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન (નેશનલ રૂરલ લાઈવલીહુડ મિશન NRLM) તરીકે શરૂ કરવામાં આવેલ ગરીબી નિવારણ યોજના છે અને 2016 માં દીનદયાલ અંત્યોદય યોજના તેની અનુગામી યોજના બની.
2. આ કાર્યક્રમનો હેતુ ગ્રામીણ ગરીબ સ્ત્રીઓને સ્વયં મદદ કરતા સમૂહો (Self Help Groups) (SHGs) માં તંત્રબધ્ધ કરવાનો અને તેમને આર્થિક પ્રવૃત્તિઓ માટે સતત મદદ કરવાનો છે.
3. આ મિશનને વર્લ્ડ બેંક દ્વારા પ્રોત્સાહન (ટેકો) અપાય છે.

(A) માત્ર 1 અને 2 (B) માત્ર 2 અને 3 (C) માત્ર 1 અને 3 (D) 1, 2 અને 3

128. આંતર રાજ્ય નદી જળ વિવાદ ટ્રિબ્યૂનલ બિલ 2019 વિશે નીચેના પૈકી કયું વિધાન અસત્ય છે ?

(A) તે બિલ એ કોઈપણ આંતર-રાજ્ય જળ વિવાદના નિવારણ માટે કેન્દ્ર સરકારને વિવાદ નિરાકરણ સમિતિ (Disputes Resolution Committee) રચવાની દરખાસ્ત કરે છે.
(B) તે અલાયદું (single), કાયમી આંતર-રાજ્ય નદી જળ વિવાદ ટ્રિબ્યૂનલ રચવાની પણ દરખાસ્ત કરે છે કે જે આંતર રાજ્ય નદી જળ વિવાદનો ન્યાયિક નિવેડો લાવે.
(C) આ ટ્રિબ્યૂનલને અન્ય ટ્રિબ્યૂનલ બેંચ હોઈ શકે નહીં.
(D) તે અધ્યક્ષ, ઉપાધ્યક્ષ અને છ થી વધુ નહીં એટલાં નામાંકિત સભ્યોનું બનેલું હશે.

129. ભારતના પ્રથમ સૌર મિશન આદિત્ય L1 વિશે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. તેનો હેતુ એ સૂર્યના લાગરાન્ગજીયન બિંદુ-L1 (Lagrangian Point L1)ની ફરતે પ્રભામંડળ ભ્રમણકક્ષા (halo orbit)માં આદિત્ય-L1 ઉપગ્રહ (800 kg) ને મૂકવાનો છે.
2. L1 પોઈન્ટ એ પૃથ્વીથી આશરે 1500 km ના અંતરે સ્થિત છે.
3. આ ઉપગ્રહ એ મુખ્ય પેલોડ વીઝીબલ એમિશન લાઈન કોરોનાગ્રાફ (Payload Visible Emission Line Coronagraph) (VLEC) સહિતના 7 પેલોડ (Payload) નું વહન કરશે.

(A) 1, 2 અને 3 (B) માત્ર 2 અને 3 (C) માત્ર 1 અને 2 (D) માત્ર 1 અને 3

[Contd.

Scanned by CamScanner

130. નવા રાષ્ટ્રીય માનવાધિકાર આયોગ વિધેયક (સુધારા) 2019 (New National Human Rights Commission Bill (amendment) 2019) વિશે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. વિધેયક અનુસાર સર્વોચ્ચ અદાલતના પૂર્વન્યાયાધીશને પણ રાષ્ટ્રીય માનવાધિકાર આયોગના અધ્યક્ષ બનાવી શકાય.
2. પાંચ સદસ્યો કે જે માનવાધિકાર વિશે જ્ઞાન ધરાવતા હોય તેમને NHRC ના સદસ્યો તરીકે નિયુક્ત કરી શકાય તેવી જોગવાઈ આ વિધેયક પૂરી પાડે છે.
3. તે 10 સદસ્યોની નિમણૂંક કરવાની પરવાનગી આપે છે જેમાં ઓછામાં ઓછા 3 મહિલા સદસ્યો હોવા જોઈએ.
4. આ વિધેયક NHRC ના અધ્યક્ષ તથા NHRC અને SHRC ના સદસ્યોના કાર્યકાળની હાલની મુદત કે જે પાંચ વર્ષની છે તેને ઘટાડીને 3 વર્ષની કરે છે.

(A) માત્ર 1 અને 4 (B) માત્ર 2 અને 3 (C) માત્ર 1, 2 અને 3 (D) 1, 2, 3 અને 4

131. 2019માં ઈઝરાઈલના પ્રધાનમંત્રી તરીકે બેન્જામીન નેતન્યાહૂ 5મા સત્ર માટે જીત્યાં છે. તેઓ .......... પક્ષના છે.

(A) કદિમા (B) લિકૂડ (C) બલાદ (D) મેરેટ્ઝ

132. નીચેના પૈકી કયાં વિધાનો સત્ય નથી ?

1. યુએસએ ના નેશનલ ડીફેન્સ ઓથોરાઈઝેશન એક્ટ (National Defense Authorization Act) (NDAA) એ ભારતનો દરજ્જો યુએસ-નાટો (US-NATO) ભાગીદાર સમકક્ષ બનાવ્યો છે.
2. અન્ય નાટો (NATO) મિત્ર રાષ્ટ્ર (Ally Partners) દેશો ઈઝરાઈલ અને દક્ષિણ કોરિયા છે.
3. આના પરિણામે ભારત અને યુએસ વચ્ચે સંરક્ષણ અને દરિયાઈ સહકાર વધશે.

(A) માત્ર 1, 2 અને 3 (B) માત્ર 2 અને 3
(C) માત્ર 1 અને 2 (D) ઉપરના પૈકી એકપણ નહીં

133. ભારત સરકારના 2018-19 ના આર્થિક સર્વેક્ષણ અનુસાર નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. 93.1% પરિવારો શૌચાલયની સુવિધા ધરાવે છે.
2. શૌચાલયની સુવિધા ધરાવતા પરિવારોમાંથી 96.5% એ ગ્રામીણ ભારતમાં તેનો ઉપયોગ કરે છે.
3. 30 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં 50% વ્યક્તિગત પરિવાર સંડાસ (Individual Households Latrine) (IHHL) નો વ્યાપ.

(A) માત્ર 1 અને 3 (B) માત્ર 2 અને 3 (C) માત્ર 1 અને 2 (D) 1, 2 અને 3

134. ભારત સરકારના ભારતના આર્થિક સર્વેક્ષણ 2018-19 બાબતે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. 2010 ની કિંમતોએ ભારતની વાસ્તવિક માથાદીઠ GDP 5000 ડોલર વધારવા માટે માથાદીઠ ઊર્જા વપરાશમાં 2.5 ગણો વધારો જરૂરી છે.
2. ભારતે 0.8 માનવ વિકાસ સૂચકાંક (Human Development Index) સ્કોર પ્રાપ્ત કરવા માટે માથાદીઠ ઊર્જા વપરાશમાં 4 ગણો વધારો જરૂરી છે.
3. હવે ભારત ઊર્જા સ્થાપિત ક્ષમતા (Installed Capacity) માં પવન ઊર્જામાં 4થા, સૌર ઊર્જામાં 5મા તથા પુનઃપ્રાપ્ય ઊર્જામાં 5મા ક્રમે આવે છે.
4. 60% ભાગીદારી સાથે ઉષ્મા ઊર્જા હજુ પણ પ્રભાવશાળી ભૂમિકા ભજવે છે.

(A) 1, 2, 3 અને 4 (B) માત્ર 2, 3 અને 4 (C) માત્ર 1, 2 અને 3 (D) માત્ર 3 અને 4

135. નીતિ (NITI) આયોગે એગ્રીકલ્ચર માર્કેટીંગ એન્ડ ફાર્મર ફ્રેન્ડલી રીફોર્મ્સ ઈન્ડેક્સ-2019 (Agricultural Marketing and Farmer Friendly Reforms Index 2019) શરૂ કરેલ છે. જેમાં મહારાષ્ટ્ર પ્રથમ ક્રમે છે જ્યારે ગુજરાત ..... છે.

(A) ત્રીજા ક્રમે (B) બીજા ક્રમે
(C) ચોથા ક્રમે (D) મહારાષ્ટ્ર સાથે પ્રથમ ક્રમે

Scanned by CamScanner

136. ભારત સરકાર અનુસાર નીચેના પૈકી કયું રાજ્ય 'બેટી બચાવો બેટી પઢાવો' યોજનાની કામગીરી શ્રેષ્ઠ રીતે કરી રહ્યું છે ?

(A) હરિયાણા (B) ઉત્તરાખંડ (C) ઉત્તર પ્રદેશ (D) બિહાર

137. નીચેના પૈકી કઈ ટ્રેન એ ખાનગી ક્ષેત્ર દ્વારા સંચાલીત થનારી સૌ પ્રથમ ટ્રેન છે ?

(A) દિલ્હી-કાલકા મેઘા એક્સપ્રેસ (B) દિલ્હી-ચંદીગઢ શતાબ્દી એક્સપ્રેસ

(C) દિલ્હી-લખનૌ તેજસ એક્સપ્રેસ (D) દિલ્હી-મુંબઈ બીઝનેસ એક્સપ્રેસ

138. તાજેતરમાં રાષ્ટ્રીય ફિલ્મ ઍવોર્ડ 2019 માં નીચેના પૈકી કઈ અભિનેત્રીએ શ્રેષ્ઠ અભિનેત્રી ઍવોર્ડ જીતેલો છે ?

(A) આલિયા ભટ્ટ (B) નયન તારા (C) નિવેદિથા (D) કીર્તી સુરેશ

139. ભારત સરકારે શ્રી નાનાજી દેશમુખને ભારત રત્ન એનાયત કરવાની જાહેરાત કરી છે. શ્રી નાનાજી દેશમુખ વિશે નીચેના પૈકી કયું વિધાન / કયાં વિધાનો સાચું / સાચાં નથી ?

1. તેમને ઉત્તર પ્રદેશમાં જનસંઘને આધારરૂપ બનાવવાનું શ્રેય આપવામાં આવે છે.
2. તેમણે 1950 માં ગોરખપુર ખાતે પ્રથમ સરસ્વતી શિશુ મંદિરની સ્થાપના કરી હતી.
3. આ અગાઉ તેઓને પદ્મ વિભૂષણથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

(A) 1, 2 અને 3 (B) માત્ર 2 અને 3

(C) માત્ર 3 (D) ઉપરના પૈકી એકપણ નહીં

140. નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. તાજેતરમાં ભારતે સંયુક્ત રાષ્ટ્રના સંમેલનના આંતરરાષ્ટ્રીય સમાધાન કરાર (International Settlement Agreements) પર હસ્તાક્ષર કરેલ છે.
2. આ સંમેલન મધ્યસ્થી બાબતનું નવી દિલ્હી સંમેલન તરીકે પણ ઓળખાય છે.
3. અત્યાર સુધીમાં 46 દેશોએ આ કરાર પર હસ્તાક્ષર કર્યા છે.
4. તે આંતરરાષ્ટ્રીય સમાધાન કરારોનો અમલ કરવામાં સમાન માળખું પૂરું પાડે છે.

(A) 1, 2, 3 અને 4 (B) માત્ર 1, 3 અને 4 (C) માત્ર 2, 3 અને 4 (D) માત્ર 1, 2 અને 4

141. ભારત સરકારની એક રાષ્ટ્ર એક કાર્ડ યોજના (One Nation One Card Scheme) બાબતે નીચેના પૈકી કયું વિધાન / કયાં વિધાનો સાચાં છે ?

1. એક રાષ્ટ્ર, એક કાર્ડ યોજના એ ભારતમાં જાહેર વિતરણ વ્યવસ્થા સાથે સંકળાયેલ છે.
2. આ યોજના નાગરિક કાર્ડ (Citizens Card) ની રાષ્ટ્રીય નોંધણી (National Registration) સાથે સંકળાયેલી છે.
3. પાયલોટ ધોરણે આ યોજનાનો અમલ આંધ્રપ્રદેશ, આસામ, તેલંગાણા અને મહારાષ્ટ્રમાં કરવામાં આવ્યો.

(A) માત્ર 1 (B) માત્ર 2 અને 3 (C) માત્ર 3 અને 4 (D) 1, 2 અને 3

142. નગર કિર્તન કે જે તાજેતરમાં સમાચારમાં હતું, તે વિશે નીચેના પૈકી કયું વિધાન / કયાં વિધાનો સાચું / સાચાં છે ?

1. તે હિંદુ શ્રધ્ધાળુઓની પાકિસ્તાનથી ભારતની ધાર્મિક શોભાયાત્રા હતી.
2. શીખોની અને શીખો દ્વારા આગેવાની લીધેલી આ ધાર્મિક શોભાયાત્રા પાકિસ્તાનના પંજાબ પ્રાંતથી ભારતના પંજાબ સુધીની હતી.
3. આ શોભાયાત્રા હિંદુઓની પાકિસ્તાનના હિંગળાજ મંદિરથી ભારતમાં વૈષ્ણોદેવી મંદિર સુધીની હતી.
4. તે હિંદુઓ અને શીખોની સંયુક્ત શોભાયાત્રા હતી.

(A) 1, 2, 3 અને 4 (B) માત્ર 2 (C) માત્ર 3 અને 4 (D) માત્ર 1, 2 અને 3



Scanned by CamScanner

E

143. નીચેના પૈકી ચીનની કઈ બેંકને RBI તરફથી ભારતમાં નિયમિત સેવાઓ આપવા માટે મંજૂરી મળેલ છે ?
(A) બેન્ક ઓફ મેન્ડરીન (Bank of Mandarin)
(B) બેન્ક ઓફ સિચ્યુઆન (Bank of Sichuan)
(C) બેંક ઓફ ચાઈના (Bank of China)
(D) વી બેન્ક ઓફ સ્કેન્ઝન (We Bank of Schengen)

144. વિશ્વ બેંક અનુસાર, ભારત 2018માં વિશ્વમાં .......... ટ્રિલિયન ડોલર ગ્રોસ ડોમેસ્ટીક પ્રોડક્ટ (GDP) ધરાવતી .......... સૌથી મોટી અર્થવ્યવસ્થા હતી.
(A) 3.7, છઠ્ઠી
(B) 2.73, સાતમી
(C) 4.21, નવમી
(D) ઉપર પૈકી કોઈ નહીં

145. ભારત સરકારના વેતન સંહિતા વિધેયક 2019 બાબતે નીચેના પૈકી કયાં વિધાનો અસત્ય છે ?
1. વેતનમાં પગાર, ભથ્થા અથવા અન્ય કોઈપણ નાણાકીય સંદર્ભમાં વ્યક્ત કરેલ ઘટકનો સમાવેશ થાય છે.
2. આ વિધેયકના આધારે લઘુત્તમ વેતન કેન્દ્ર અથવા રાજ્ય સરકારો દ્વારા સૂચિત કરવામાં આવશે.
3. લઘુત્તમ વેતનમાં દસ વર્ષથી વધુ નહીં તેટલા સમયગાળામાં કેન્દ્ર અથવા રાજ્ય સરકારો દ્વારા સુધારવામાં અને સમીક્ષા કરવામાં આવશે.
4. વેતનનો સમયગાળો, એ કર્મચારીઓ દ્વારા દૈનિક, અઠવાડીક, પાક્ષિક અથવા માસિક ધોરણે નિશ્ચિત કરવામાં આવશે.
(A) 1, 2, 3 અને 4
(B) માત્ર 1 અને 2
(C) માત્ર 3 અને 4
(D) માત્ર 1, 2 અને 4

146. ઈન્ડીયન કાઉન્સીલ ઓફ મેડીકલ રીસર્ચ (Indian Council of Medical Research) તાજેતરમાં IMMUVAC અને VPM 1002 નામની બે નવી દવાઓ બહાર પાડી છે જે .......... ના રોગને નિયંત્રીત કરવાના નિવારક અજમાયશ તરીકે (Preventive trial) છે.
(A) એચ.આઈ.વી. / એઈડ્સ
(B) પોલીયો
(C) મલેરિયા
(D) ક્ષય

147. 10 બિલીયન ડોલરનું મૂલ્ય ધરાવતો વિશ્વનો સૌ પ્રથમ અલ્ટ્રા ફાસ્ટ હાયપર લૂપ પ્રોજેક્ટ (Ultra Fast Hyperloop Project) .......... રાજ્યને આપવામાં આવ્યો.
(A) ગુજરાત
(B) તેલંગાણા
(C) નવી દિલ્હી
(D) મહારાષ્ટ્ર

148. ગુજરાતની વહાલી દીકરી યોજના બાબતે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?
1. આ યોજના એ દીકરીઓ માટેની મુખ્ય નાણાંકીય યોજના છે.
2. આ યોજના રાજ્યમાં બાળ લિંગ ગુણોત્તર કે જે હાલમાં પ્રત્યેક 1000 પુરુષ બાળકે 890 સ્ત્રી બાળક છે તે સુધારવા માટે અમલમાં મૂકવામાં આવેલ છે.
3. 5 મા વર્ગમાં પ્રવેશ લેતી વખતે દીકરી રૂા. 10,000 મેળવશે.
4. લગ્ન સમયે સરકાર તરફથી દીકરી એક લાખ રૂપિયા મેળવશે.
(A) માત્ર 1, 2 અને 4
(B) માત્ર 2 અને 4
(C) માત્ર 1, 3 અને 4
(D) 1, 2, 3 અને 4

149. ક્વીક રીએક્શન સરફેસ એર મિસાઈલ (Quick Reaction Surface-to-Air Missile) (QRSAM) બાબતે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?
1. આ મિસાઈલ સોલીડ ફ્યુલ પ્રોપેલન્ટ ટેકનોલોજી (Solid fuel propellant technology) ધરાવે છે.
2. આ મિસાઈલની પહોંચ મર્યાદા 250-300 kms ની છે.
3. તે એરક્રાફ્ટ રડાર દ્વારા કરાતા જેમીંગ (jamming) સામે ઈલેક્ટ્રોનિક કાઉન્ટર મેઝર્સ (electronic counter measures) થી સજ્જ છે.
4. આ મિસાઈલ હિંદુસ્તાન એરોનોટીક્સ લીમીટેડ દ્વારા વિકસાવવામાં આવેલ છે.
(A) 1, 2, 3 અને 4
(B) માત્ર 2, 3 અને 4
(C) માત્ર 1, 3 અને 4
(D) માત્ર 3 અને 4



Scanned by CamScanner

150. સરોગસી (નિયમન) બિલ 2019 બાબતે નીચેના પૈકી કયું વિધાન / કયાં વિધાનો સત્ય છે ?

1. આ બિલ એ બાળક ન હોય તેવા વિજાતીય વિવાહીત યુગલ દ્વારા સરોગેટ તરીકે 'નજીકના સંબંધી' સાથે કરાર કરવાનું સમાવિષ્ટ કરે છે.
2. ઇચ્છા ધરાવનાર દંપતી પાસે યોગ્ય સત્તાધિકાર દ્વારા જારી કરાયેલ **'Certificate of essentiality'** (જરૂરીયાતનું પ્રમાણપત્ર) અને **'Certificate of Eligibility'** (યોગ્યતાનું પ્રમાણપત્ર) હોવું જરૂરી છે.
3. દંપતીએ ભારતીય નાગરિક હોવું જોઈએ અને ઓછામાં ઓછા પાંચ વર્ષથી વિવાહિત હોવું જોઈએ અને સ્ત્રીની ઉંમર 23 થી 50 વર્ષ અને પુરુષની ઉંમર 26 થી 55 વર્ષ હોવી જોઈએ.

(A) 1, 2 અને 3 (B) માત્ર 2 અને 3 (C) માત્ર 1 અને 3 (D) માત્ર 1 અને 2

151. નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. હિમોફિલિયા એક એવી રંગસૂત્રીય ખામી છે જેને લઈને શ્વેત રક્તકણોમાં ઘટાડો થાય છે.
2. તાજા જન્મેલા બાળકનું લિંગ (Sex) માતા તરફથી મળેલ (માતામાંથી ઉતરી આવેલ) રંગસૂત્રના આધારે નિર્ધારિત થાય છે.
3. Y રંગસૂત્ર પર પ્રભાવી જનીન મળતું હોઈ સ્ત્રીઓમાં હિમોફિલિયા ઓછો હોય છે.

(A) 1, 2 અને 3 (B) માત્ર 3 (C) માત્ર 1 અને 3 (D) માત્ર 1 અને 2

152. નીચેના જોડકાં ગોઠવો.

| <u>વિટામીન</u> | <u>વિટામીનની ઉણપને કારણે થતાં રોગ</u> |
|---|---|
| a. વિટામીન "ડી" | 1. ઓસ્ટીઓપોરોસીસ થાય છે. |
| b. વિટામીન "ઈ" | 2. અપરિપક્વ વયસ્કપણું આવે છે. |
| c. વિટામીન "બી2" | 3. ચામડી પર તિરાડો પડે છે. |
| d. વિટામીન "કે" | 4. ઈજા દરમ્યાન વધારે પડતું લોહી વહી જાય છે. |

(A) a - 1, b - 3, c - 4, d - 2 (B) a - 1, b - 2, c - 3, d - 4

(C) a - 2, b - 3, c - 4, d - 1 (D) a - 3, b - 2, c - 4, d - 1

153. નીચેના પૈકીના કયા વિધાનો ખોટાં છે ?

(A) કઠોળ પ્રોટીનથી ભરપૂર હોય છે.

(B) દૂધ વિટામીન "એ"થી સમૃધ્ધ એવો સ્ત્રોત છે.

(C) અનાજ કાર્બોહાઈડ્રેટની ઘણી ઓછી માત્રા ધરાવતો સ્ત્રોત છે.

(D) શાકભાજી ખનિજ તત્ત્વોથી ભરપૂર સ્ત્રોત છે.

154. કૃત્રિમ વીર્યદાનની પ્રક્રિયામાં નીચેનામાંથી શું સ્ત્રીના ગર્ભાશયમાં સ્થાપિત કરવામાં આવે છે ?

(A) માત્ર ઈંડુ (B) ફલીકરણ કરેલું ઈંડુ (C) માત્ર વીર્ય (D) ઈંડુ અને વીર્ય

155. પર્યાવરણીય સમજૂતિઓના સંદર્ભમાં નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

1. દોહા સુધારો એ મોન્ટરીયલ પ્રોટોકોલમાં કરવામાં આવેલ સુધારો છે.
2. કીગાલી સમજૂતિ એ કાર્બન ઉત્સર્ગને મર્યાદિત કરવા ક્યોટો પ્રોટોકોલમાં કરવામાં આવેલ સુધારો છે.
3. દોહા સુધારાને ભારતે તાજેતરમાં અનુમોદન આપેલ છે.

(A) માત્ર 1 અને 2 (B) માત્ર 2 અને 3 (C) માત્ર 3 (D) 1, 2 અને 3

Scanned by CamScanner

**E**

156. રાષ્ટ્રીય જૈવવિવિધતા સત્તામંડળ (નેશનલ બાયોડાયવર્સિટી ઓથોરીટી)ના સંદર્ભમાં નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

1. તેની રચના પર્યાવરણ સુરક્ષા અધિનિયમ, 1986 અંતર્ગત કરવામાં આવેલ
2. તે સ્થાનિક પ્રજાના જૈવવિવિધતા સંબંધિત બૌધ્ધિક અધિકારોની રક્ષા કરે છે.
3. તેનું વડુ મથક ચેન્નાઈ છે.

(A) 1, 2 અને 3 (B) માત્ર 2 અને 3 (C) માત્ર 1 અને 3 (D) માત્ર 1 અને 2

157. નીચેના વિધાનોની મદદથી પ્રાણી ઓળખો.

1. તે ભારતની સૌથી વધુ જોખમમાં આવી ગયેલ સરિસૃપ પ્રજાતિઓ છે.
2. ચંબલ નદી પર આવેલ ચંબલ વન્યજીવ અભયારણ્ય એ તેમનું નિવાસસ્થાન છે.
3. IUCN ના અભિપ્રાય મુજબ, તે પૈકીના આશરે 250 વિશ્વમાં અસ્તિત્વ ધરાવે છે.

(A) ઓલિવ રીડલી ટર્ટલ (કાચબા) (B) ઘરીઆલ મગર

(C) ખારા પાણીના મગર (D) સમુદ્ર ગાય (સી કાઉ - ડગોંગ)

158. નીચેના પૈકીનું કયો ઓઝોન ઘટાડતો પદાર્થ નથી ?

(A) નાઈટ્રસ ઓક્સાઈડ (B) બ્રોમાઈન ઓક્સાઈડ (C) સલ્ફર ડાયોક્સાઈડ (D) ઉપરના પૈકી કોઈ નહીં

159. "વિશ્વમાં જીવંત ભાષાઓ" (Living Languages in the World) વિશે નીચેના પૈકી કયા વિધાનો સાચાં છે ?

1. પેસિફીકના દ્વિપ દેશ પાપુઆ ન્યુ ગિની (Papua New Guniea) 840 જીવંત ભાષાઓ સાથે વિશ્વમાં આ યાદીમાં ટોચ પર છે.
2. 453 ભાષાઓ સાથે ભારત આ યાદીમાં ચોથા ક્રમનું સ્થાન ધરાવે છે.
3. વિશ્વમાં કુલ 5,000 થી ઓછી જીવંત ભાષાઓ છે.
4. ભારતમાં 42 ભાષાઓ ગંભીર રીતે લુપ્તપ્રાય ભાષાઓ છે.

(A) માત્ર 1, 2 અને 4 (B) માત્ર 1, 3 અને 4 (C) માત્ર 2, 3 અને 4 (D) 1, 2, 3 અને 4

160. ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ (GIFT) સીટીમાં સંયુક્ત કામગીરી માટેની પરવાનગી નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) અને .......... ને સીક્યોરીટી અને એક્સચેન્જ બોર્ડ ઑફ ઈન્ડીયા (SEBI) તરફથી પ્રાપ્ત થઈ છે.

(A) નાસ્ડેક, યુ.એસ.એ. (Nasdaq, USA)

(B) યુરોનેક્સ્ટ, યુરોપ (Euronext, Europe)

(C) સિંગાપુર એક્સચેન્જ (SGX), સિંગાપુર) (Singapore Exchange (SGX), Singapore)

(D) શાંગહાઈ સ્ટોક એક્સચેન્જ, શાંગહાઈ (Shanghai Stock Exchange, Shanghai)

161. મિસાઈલના સંદર્ભમાં નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. બેલીસ્ટીક મિસાઈલ્સ પૃથ્વીના વાતાવરણની બહાર જઈ પૃથ્વીના વાતાવરણમાં પુનઃ પ્રવેશ કરે છે.
2. ક્રુઝ મિસાઈલ્સ પૃથ્વીની સપાટીને સમાંતર સફર કરે છે. તેઓ તેમના સમગ્ર માર્ગ દરમ્યાન "ગાઈડેડ" હોય છે અને વાતાવરણમાં રહે છે..
3. બેલીસ્ટીક મિસાઈલ્સ લોન્ચ થયા પછી ઉડાનના શરૂઆતના તબક્કામાં અને લક્ષ્યભેદન થવાનું હોય તે તબક્કામાં એમ પ્રમાણમાં ટૂંકા સમયગાળા દરમ્યાન "ગાઈડેડ" હોય છે.

(A) 1, 2 અને 3 (B) માત્ર 2 અને 3 (C) માત્ર 1 અને 3 (D) માત્ર 1 અને 2

Scanned by CamScanner

162. ઈન્ટીગ્રેટેડ ઈલેક્ટ્રોનિક વોરફેર સિસ્ટમ સંબંધિત નીચેના પૈકી કયાં વિધાનો ખોટાં છે ?

1. ઈલેક્ટ્રોનિક વોરફેરનો ઉદ્દેશ શત્રુના ઈલેક્ટ્રોનિક ઉપકરણો નિષ્ફળ / નાકામ બનાવવાનો અને નેવીગેશનલ સિગ્નલને હેક કરવાનો છે.
2. સંયુક્તા એ ભૂમિદળ (Army)ની મોબાઈલ ઈન્ટીગ્રેટેડ ઈલોક્ટ્રોનિક વોરફેર સિસ્ટમ છે.
3. સંગ્રહ નૌકાદળ માટે ડિઝાઈન કરવામાં આવી છે અને તે સંયુક્તાની નૌકાદળીય આવૃત્તિ છે.
4. ગરૂડ એ હવાઈદળની સંયુક્તાની આવૃત્તિ છે.

(A) 1, 2, 3 અને 4 (B) માત્ર 2, 3 અને 4 (C) માત્ર 2 અને 3 (D) માત્ર 1, 2 અને 3

163. ભારત સ્ટેજ ઉત્સર્ગ પ્રમાણો (ભારત સ્ટેજ એમીશન સ્ટાન્ડર્ડ) ......... ને લાગુ પડે છે.

1. પરિવહન માટેના વાહનો
2. લઘુ ઉદ્યોગો
3. પાવર પ્લાન્ટ્સ

(A) માત્ર 1 (B) માત્ર 2 અને 3 (C) માત્ર 1 અને 2 (D) 1, 2 અને 3

164. નીચેના પૈકી કયાં વિધાનો ખોટાં છે ?

1. LED લેમ્પમાં પારો હોતો નથી.
2. LED લાઈટ અચાનક બંધ પડી જતી નથી, પણ તેનું અજવાળું ધીરે ધીરે ઓછું થતું જાય છે.
3. LED લેમ્પ કરતાં CFL લેમ્પ ઊર્જા વપરાશની દૃષ્ટિએ વધુ કાર્યક્ષમ હોય છે.

(A) માત્ર 1 અને 3 (B) માત્ર 2 અને 3 (C) માત્ર 1 અને 2 (D) 1, 2 અને 3

165. "ઈવેન્ટ હોરાઈઝન", "સીંગ્યુલારીટી", "સ્ટ્રીંગ થીયરી" અને "સ્ટાન્ડર્ડ મોડેલ" શબ્દપ્રયોગો ......... ના સંદર્ભમાં વપરાતાં આવ્યાં છે.

(A) બ્રહ્માંડનું નિરીક્ષણ અને સમજણ
(B) મિસાઈલ ટેકનોલોજી
(C) સમુદ્રનું નિરીક્ષણ
(D) સંવાદ (કમ્યુનિકેશન)

166. અદ્યતન ગણતરી મુજબ નીચેના રાજ્યોને વાઘની વસ્તીના ઉતરતા ક્રમમાં ગોઠવો.

(A) કર્ણાટક, મધ્ય પ્રદેશ, ઓરિસ્સા
(B) મધ્ય પ્રદેશ, કર્ણાટક, ઉત્તરાખંડ
(C) પશ્ચિમ બંગાળ, કર્ણાટક, મધ્ય પ્રદેશ
(D) ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, મધ્ય પ્રદેશ

167. કાળું પાટીયું કાળું દેખાય છે કારણ કે .........

(A) પ્રત્યેક રંગને પરાવર્તિત કરે છે.
(B) એક પણ રંગને પરાવર્તિત કરતું નથી.
(C) કાળા રંગનું શોષણ કરે છે.
(D) કાળા રંગને પરાવર્તિત કરે છે.

168. તારાનો ચળકાટ તેના ......... ઉપર આધાર રાખે છે.

(A) માત્ર કદ અને તાપમાન
(B) કદ અને પૃથ્વીથી અંતર
(C) કદ, તાપમાન અને દળ
(D) કદ, તાપમાન અને પૃથ્વીથી અંતર



Scanned by CamScanner

169. નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો ખોટાં છે ?

(A) ઝેનોન (Xenon) ને "અજાણ્યાં વાયુ" (Stranger gas) તરીકે પણ ઓળખવામાં આવે છે.

(B) ફોસ્ફરસ ટ્રાઈક્લોરાઈડ વિસ્ફોટક તરીકે વપરાય છે.

(C) (A) તથા (B) બંને

(D) (A) અથવા (B) બંનેમાંથી કોઈ નહીં

170. તેલમાં તળેલા ખાદ્યપદાર્થોની ઉત્પાદનની તારીખ ખરીદતા પહેલાં ચકાસવી જોઈએ કારણકે તેલ .......... ના લીધે ખોરૂં થઈ જતું હોય છે.

(A) ઓક્સિડેશન

(B) રીડક્શન

(C) હાઈડ્રોજીનેશન

(D) સ્નિગ્ધતામાં ઘટાડો

171. "ભૂરા તરંગો" (Blue Waves)ના સંદર્ભમાં નીચેના પૈકીના કયું / કયા વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

1. તે જૈવ-પ્રકાશોત્સર્જન (બાયો-લ્યુમિનિસન્સ) તરીકે ઓળખાતી દુર્લભ કુદરતી ઘટના છે.
2. તે દરિયામાં રહેતાં ચળકતા પરવાળા દ્વારા ઉત્સર્જન કરવામાં આવતા પ્રકાશ થકી પરિણમે છે.

(A) માત્ર 1

(B) માત્ર 2

(C) 1 અને 2 બંને

(D) 1 અને 2 બંનેમાંથી એકપણ નહીં

172. "વન પ્લેનેટ સિટી ચેલેન્જ" (OPCC) ના સંદર્ભે નીચેના પૈકી કયું / કયા વિધાન / વિધાનો સાચાં છે ?

1. તે એક યુનાઈટેડ નેશન્સ એન્વાયર્નમેન્ટ પ્રોગ્રામની પહેલ છે.
2. અવનવા પર્યાવરણ સંબંધી કાર્યક્રમોના અહેવાલ રજૂ કરવા માટે ભાગ લઈ રહેલ દેશના શહેરોને તે આમંત્રિત કરે છે.

(A) માત્ર 1

(B) માત્ર 2

(C) 1 અને 2 બંને

(D) 1 અને 2 બંનેમાંથી એકપણ નહીં

173. જનીન પરીક્ષણ સંદર્ભે નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સત્ય છે ?

(A) જનીન પરીક્ષણ વ્યક્તિના પૂર્વજ નિર્ધારિત કરવા ઉપયોગમાં લઈ શકાય છે.

(B) જનીન પરીક્ષણ આનુવંશિક સંબંધી ખામીઓ દૂર કરવા ઉપયોગી થઈ શકે છે.

(C) (A) તથા (B) બંને

(D) (A) અથવા (B) બંનેમાંથી કોઈ નહીં

174. નીચેનામાંથી કયાં વિધાનો સાચાં છે ?

1. રીએક્ટર કોરમાં, જ્યારે યુરેનિયમ-235 તીવ્ર ગતિ ધરાવતાં ન્યુટ્રોન સાથે ટકરાય છે, ત્યારે તેનું હળવા તત્ત્વોમાં વિભાજન થાય છે.
2. ચેઈન રીએક્ટરની પ્રક્રિયા પેટ્રોલ કે ડિઝલ જેવા મોડરેટરની ઉપસ્થિતિ પર નિર્ભર હોય છે.
3. સિરામિક યુરેનિયમ ઓક્સાઈડરૂપી બળતણની હજારો નાનકડી ટીકડીઓથી રીએક્ટરની કોર બને છે.

(A) માત્ર 1 અને 3

(B) માત્ર 2 અને 3

(C) 1, 2 અને 3

(D) માત્ર 1 અને 2

[Contd.



Scanned by CamScanner

E

175. આંતરરાષ્ટ્રીય અવકાશ મથક સંદર્ભમાં નીચેનામાંથી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?
1. આંતર રાષ્ટ્રીય અવકાશમથક ચંદ્રની આસપાસ પરિક્રમા કરે છે.
2. અવકાશ મથકની ભ્રમણકક્ષાનો માર્ગ પૃથ્વીથી આશરે 400 કિ.મી. ઉપર છે.
3. અવકાશમથકનો પહેલો ઘટક વર્ષ 1998 માં લોન્ચ કરવામાં આવેલ અને વર્ષ 2011 માં અદ્યતન મોડ્યુલ ફીટ કરવામાં આવેલ.
4. અવકાશ મથક પર વર્ષ 2014 માં સૌ પ્રથમ ક્રૂ (crew) પહોંચેલ

(A) 1, 2, 3 અને 4 (B) માત્ર 2 અને 3 (C) માત્ર 1 અને 4 (D) માત્ર 1, 2 અને 3

176. "સ્ટીલ્થ ટેકનોલોજી" માં .......... નો સમાવેશ થાય છે.
(A) સપાટી ઓછી દૃશ્યમાન થાય તે માટે રંગનું આવરણ
(B) ડીઝાઈનમાં ફેરફાર, જેનાથી રડારના તરંગો પરાવર્તિત થઈ જાય
(C) વિશેષ ઉત્પાદન સામગ્રી જેનાથી સપાટી ઓછી દૃશ્યમાન થાય
(D) ઉપરના તમામ

177. ભારતમાં 2017 ના જંગલી હાથીની વસ્તીગણતરી બાબતે નીચેના પૈકી કયું વિધાન / કયા વિધાનો સત્ય છે ?
1. ભારતમાં આશરે 30,000 હાથીઓ છે.
2. દેશના ઉત્તર પૂર્વ કરતાં દક્ષિણ ભાગમાં વધુ સંખ્યામાં (હાથીઓ) છે.
3. તામિલનાડુમાં સૌથી વધુ સંખ્યામાં હાથીઓ છે.

નીચેના પૈકી સાચો વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 (B) માત્ર 2 અને 3 (C) માત્ર 1 અને 2 (D) 1, 2 અને 3

178. "4D પ્રિન્ટીંગ" સંદર્ભે નીચેના પૈકીના કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?
1. "4D પ્રિન્ટીંગ" મલ્ટીપ્લીકેટીવ ઉત્પાદન પર આધારિત છે.
2. "4D પ્રિન્ટીંગ" માં ઈચ્છિત વસ્તુની બનાવટ માટે "સ્માર્ટ મટીરીયલ"નો ઉપયોગ થાય છે.
3. પર્યાવરણીય સ્વાસ્થ્યને અનુરૂપ "સ્માર્ટ મટીરીયલ્સ" પરિવર્તિત થાય છે.

(A) માત્ર 1 અને 2 (B) માત્ર 2 અને 3 (C) માત્ર 3 (D) 1, 2 અને 3

179. નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?
1. "લાઈ-ફાઈ" (Li-Fi) એ "વાઈ-ફાઈ" (Wi-Fi) ની અતિ આધુનિક આવૃત્તિ છે.
2. તે ડેટા ટ્રાન્સફર કરવા માટે ઈન્ફ્રારેડ કિરણોનો ઉપયોગ કરે છે.
3. "Li-Fi" ટેકનોલોજીનો કેન્દ્રિય ભાગ ઓજસ્વી પ્રકાશ ઉત્પન્ન કરતાં ડાયોડથી બને છે.
4. "Li-Fi" વિમાનોમાં વાપરી શકાતી નથી.

(A) 1, 2, 3 અને 4 (B) માત્ર 2, 3 અને 4 (C) માત્ર 1 અને 3 (D) માત્ર 2 અને 4

180. વદરાડ (સાબરકાંઠા) અને કુકમા (કચ્છ) એ અનુક્રમે .......... અને .......... માટેના સેન્ટર ઓફ એક્સેલન્સ છે.
(A) શાકભાજી અને ખારેક
(B) ફૂલોની ખેતી અને કેળાં
(C) દાડમ અને કેરી
(D) ઉપરના પૈકી કોઈ નહીં

Scanned by CamScanner

181. ભૂગર્ભ પરમાણુ પરીક્ષણ પ્રોજેક્ટ (સબટેરેનીયન ન્યુક્લિયર એક્ષપ્લોઝન પ્રોજેક્ટ - SNEP)ની મંજૂરી કયા પ્રધાનમંત્રીએ આપી હતી ?

(A) જવાહરલાલ નહેરૂ
(B) લાલબહાદુર શાસ્ત્રી
(C) ઈન્દિરા ગાંધી
(D) અટલ બિહારી વાજપેયી

182. ન્યુક્લિયર આંતરમાળખાકીય સુવિધાના વિકાસ માટે ભારતે રશિયા અને ......... સાથે ત્રિપક્ષીય આંતરરાષ્ટ્રીય સમજૂતિ પર સહીસિક્કા કરેલ છે.

(A) શ્રીલંકા
(B) માલદીવ્સ
(C) બાંગ્લાદેશ
(D) મ્યાનમાર

183. મોબાઈલ નેટવર્ક દ્વારા વપરાતી VoLTE ટેકનોલોજી માટે નીચેના વિધાનો પૈકી કયું / કયાં સાચું / સાચાં છે ?

1. વોઈસ કોલ અગાઉના 2G કે 3G નેટવર્ક મારફતે કરવામાં આવે પરંતુ ડેટાનું પ્રેષણ 4G નેટવર્ક મારફતે કરવામાં આવે છે.
2. તે મિનિટમાં વપરાશને બદલે ડેટાના વપરાશ પ્રમાણે વોઈસ કોલને ગણે છે.

(A) માત્ર 1
(B) માત્ર 2
(C) 1 અને 2 બંને
(D) 1 અને 2 બંનેમાંથી એકપણ નહીં

184. બ્લેક સ્મોકર્સ એટલે શું ?

(A) સમુદ્રમાંના હાઈડ્રોથર્મલ માર્ગો
(B) થર્મલ પાવર પ્લાન્ટની ચિમનીમાંથી બહાર નીકળતાં પ્રદૂષિત તત્ત્વો
(C) ફેફસાના કેન્સરના દર્દીઓ
(D) ધૂમ્રપાન વિરોધી ચળવળ ચલાવતાં સ્વયંસેવકો

185. બહિર્ગોળ અને અંતર્ગોળ લેન્સના સંદર્ભમાં નીચેના પૈકી કયું / કયા વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

1. બહિર્ગોળ લેન્સ વાંચવાના ચશ્મા બનાવવા માટે વપરાય છે.
2. અંતર્ગોળ લેન્સ દૂરની ઝાંખપની ઉણપ હોય તેવા વ્યક્તિઓ માટેના ચશ્મા બનાવવા માટે વપરાય છે.
3. બહિર્ગોળ લેન્સ દૂરની ઝાંખપની ઉણપ હોય તેવા વ્યક્તિઓ માટેના ચશ્મા બનાવવા માટે વપરાય છે.
4. અંતર્ગોળ લેન્સ બૃહદદર્શક કાચ (magnifying glass) તરીકે વપરાય છે.

(A) માત્ર 1, 2 અને 3
(B) માત્ર 1 અને 2
(C) માત્ર 2 અને 3
(D) માત્ર 1, 2 અને 4

186. પર્યાવરણીય પ્રદૂષણના સંદર્ભમાં "ડર્ટી ડઝન" શબ્દપ્રયોગ શું સૂચિત કરે છે ?

(A) ઓઝોનના સ્તરમાં ઘટાડો કરતાં બાર તત્ત્વો.
(B) વાહન ઉત્સર્જનમાંથી નીકળતાં બાર વાયુઓ.
(C) સ્ટોહોમ સંમેલન અંતર્ગત નિર્દિષ્ટ સદૈવ ક્રિયાશીલ એવા બાર જૈવિક પ્રદૂષણકારકો.
(D) વાયુ પ્રદૂષણ અધિનિયમ (એર પોલ્યુશન એક્ટ), 1981 અંતર્ગત નિર્દિષ્ટ બાર ઝેરી રસાયણો.



Scanned by CamScanner

187. "લાગ્રાન્જ પોઈન્ટ" (Lagrange Point) સંબંધે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે ?

1. તે અવકાશમાંનું એવું સ્થાન છે જ્યાં બે વિશાળ પદાર્થો, જેવા કે પૃથ્વી અને સૂર્યનું સંયુક્ત ગુરૂત્વાકર્ષણ બળ અતિ નાનકડા ત્રીજા પદાર્થ દ્વારા અનુભવાતા કેન્દ્રત્યાગી બળ જેટલું હોય છે.
2. તે એવું સંતુલન ધરાવતું બિંદુ છે જ્યાં નિરીક્ષણ હેતુ અવકાશયાન "પાર્ક" કરી શકાય છે.
3. પૃથ્વી અને સૂર્યની વચ્ચે આવા 5 બિંદુઓ છે.

(A) માત્ર 1 અને 3 (B) માત્ર 1 અને 2 (C) માત્ર 2 અને 3 (D) 1, 2 અને 3

188. નીચેના પૈકી કયું / કયાં વિધાન / વિધાનો સત્ય છે ?

1. મિસલ્સ અને રૂબેલા બેક્ટેરીયાજનિત અતિ ચેપી રોગો છે જે તે રોગના દર્દીના ઉધરસ કે છીંકના માધ્યમથી થતાં તેના સંપર્ક દ્વારા ફેલાય છે.
2. કેન્દ્રિય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે 9 માસથી 15 વર્ષથી ઓછી વયજૂથ માટે મિસલ્સ-રૂબેલા રસીકરણ અભિયાન આરંભેલ છે.

(A) માત્ર 1
(B) માત્ર 2
(C) 1 અને 2 બંને
(D) 1 અને 2 બંનેમાંથી એકપણ નહીં

189. વિશ્વ જળ વિકાસ અહેવાલ (વર્લ્ડ વોટર ડેવલપમેન્ટ રીપોર્ટ)ના સંદર્ભમાં નીચેના પૈકીના કયું / કયાં વિધાન / વિધાનો સત્ય છે ?

1. વર્લ્ડ ઈકોનોમિક ફોરમ દ્વારા તે પ્રતિવર્ષ પ્રસિધ્ધ કરવામાં આવે છે.
2. છેલ્લો અહેવાલ 8મા વર્લ્ડ વોટર ફોરમ ખાતે બ્રાઝિલિયામાં પ્રસિધ્ધ કરવામાં આવ્યો હતો.

(A) માત્ર 1
(B) માત્ર 2
(C) 1 અને 2 બંને
(D) 1 અને 2 બંનેમાંથી એકપણ નહીં

190. "ઉજ્જવલા પ્લસ"નો ઉદ્દેશ કયો છે ?

(A) બી.પી.એલ. પરિવારોને 2020 સુધીમાં રસીકરણ હેઠળ આવરી લેવા.
(B) ગરીબ પરીવારોના લાભાર્થે લોકને રાંધણ ગેસના કનેક્શન દાન કરવા માટે છૂટ આપવી.
(C) 100% ગ્રામ્ય વિજળીકરણ સિધ્ધ કરવું.
(D) સાર્વત્રિક રહેણાંક વિજળીકરણ સિધ્ધ કરવું.

191. .......... એક મોબાઈલ એપ છે જે ભારતને "કેશ ફ્રી" બનાવવા માટે અમલમાં મૂકવામાં આવેલ છે.

(A) ભારત ઈન્ટરનેશનલ ફોર મની
(B) ભારત ઈન્સેન્ટીવ્સ ફોર મની
(C) ભારત ઈન્ટરફેસ ફોર મની
(D) ઉપરના પૈકી કોઈ નહીં

192. NPTEL નું આખું નામ .......... છે.

(A) નેશનલ પ્રોગ્રામ ઓન ટેકનોલોજીકલ એનહેન્સ્ડ લર્નીંગ
(B) નેશનલ પ્રોગ્રામ ઓન ટેકનીકલ ઈ કનેક્ટ લર્નીંગ
(C) નેશનલ પોલિસી ઓન ટેકનોલોજીકલ એનહેન્સ્ડ લર્નીંગ
(D) નેશનલ પોર્ટલ ઓન ટીચીંગ એનહેન્સ્ડ લર્નીંગ

[Contd.



Scanned by CamScanner

**E**

193. ભારતીય નૌકાદળ દ્વારા 20 નવેમ્બર, 1956 ના રોજ લોન્ચ કરવામાં આવેલ પ્રથમ યુધ્ધ જહાજ .......... હતું

(A) આઈ.એન.એસ. ખુકરી
(B) આઈ.એન.એસ. શક્તિ
(C) આઈ.એન.એસ. અજય
(D) આઈ.એન.એસ. વિનાશ

194. નીચેનામાંથી કઈ ડી.આર.ડી.ઓ. દ્વારા વિકસાવવામાં આવેલ આધુનિક ટોર્પીડો બચાવ પ્રણાલિ એડવાન્સ્ડ ટાર્પીડો ડિફેન્સ સિસ્ટમ (Advanced Torpedo Defence System) (ATDS) છે ?

(A) આકાશદીપ
(B) મારીચ
(C) રૂસ્તમ
(D) નિષાદ

195. ચંદ્રયાન-1 નું લિફ્ટ-ઑફ માસ (દળ) ચંદ્રયાન-2 ના લિફ્ટ-ઑફ માસ (દળ) કરતાં .......... હતું.

(A) વધારે
(B) ઓછું
(C) સમાન
(D) ચંદ્રયાન-1 માં કોઈ લિફ્ટ-ઑફ માસ (દળ) નહોતું

196. તાજેતરમાં સમાચારમાં આવેલ "મંકી ફીવર" (Monkey fever) અથવા "ક્યાસનુર" (Kyasanur) નામનો રોગ નીચેનામાંથી શાના કારણે થાય છે ?

(A) બેક્ટેરીયા
(B) વાઈરસ
(C) ફૂગ
(D) ઉપરનામાંથી એકપણ નહીં

197. ડી.આર.ડી.ઓ. દ્વારા "લ્યુકોસ્કીન" (Lukoskin) નામની દવા વિકસાવેલ છે. જેનો ઉપયોગ .......... ના ઈલાજમાં કરવામાં આવે છે.

(A) લ્યુકોરીયા (Leukorrhea)
(B) ફેફસાનું કેન્સર (Lung Cancer)
(C) કોઢ (Leucoderma)
(D) લ્યૂકેમિયા (Leukemi)

198. ફોટોસ્ટેટ મશીનનું ડ્રમ .......... પદાર્થમાંથી બનાવવામાં આવે છે.

(A) એલ્યુમિનિયમ (Aluminium)
(B) સેલેનિયમ (Selenium)
(C) બેરિયમ (Barium)
(D) સીઝીયમ (Caesium)

199. ભારતીય અવકાશ સંશોધન સંસ્થાન (ISRO) દ્વારા એક મિશન અંતર્ગત લોન્ચ કરવામાં આવેલ સેટેલાઈટ (ઉપગ્રહ)ની મહત્તમ સંખ્યા .......... છે.

(A) 101
(B) 102
(C) 103
(D) 104

200. ઘન કોલસામાંથી પ્રવાહી હાઈડ્રોકાર્બન બળતણમાં રૂપાંતરિત કરતી પ્રક્રિયા .......... તરીકે ઓળખાય છે.

(A) પ્રવાહીકરણ (Liquefaction)
(B) કાર્બોનેશન (Carbonation)
(C) ઉદ્દીપક રૂપાંતરણ (Catalytic conversion)
(D) ક્રેકીંગ (Cracking)

Scanned by CamScanner